RNI Reg. GUJGUJ/2010/44893

## સુવિચાર

નસીબ પર વિશ્વાસ કરીને થાકી ગયા હોય તો, પોતાના પર વિશ્વાસ કરી જોજો, પરીણામ સારૂ જ આવશે...

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક



સંતકબીર રોડ પર બુટલેગરના મકાનમાંથી રૂ.૨૯ લાખનો મોંઘોદાટ વિદેશી દારૂ પકડાયો P-4

Year-16, Issue-289 ■ DATE : 23-03-2026 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI



સપ્તાહના પ્રારંભે જ સેન્સેકસમાં ૧૬૦૦ પોઇન્ટનું ગાબડુ : ચાંદીના ભાવમાં રૂ.૧૪૦૦૦ તેમજ સોનાના ભાવમાં રૂ.૭૦૦૦નું ગાબડુ : રૂપિયો ૯૩.૮૬ની સપાટીએ પહોંચ્યો

# શેરબજાર ધડામ : સોના-ચાંદીમાં કડાકો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સોમવારે સવારે બજાર ખુલતાની સાથે જ બજારમાં અરાજકતા છ્વાઈ ગઈ. સેન્સેકસ અને નિફટી પત્તાના ઘર જેવા તૂટી પડ્યા, જેના કારણે રોકાણકારોના અબજો રૂપિયા એક જ ક્ષણમાં ધોવાઈ ગયા. અઠવાડિયાના પહેલા ટ્રેડિંગ દિવસે બજારની શરૂઆત ખરાબ રહી. આજે રોકાણકારોએ વધુ ૮ લાખ કરોડ ગુમાવ્યા છે. સવારે ૧૦:૧૫ કલાકે સેન્સેકસ ૧૬૯૩ પોઇન્ટ ઘટીને ૭૨૮૩૯ તો નીફટી ૫૩૧ પોઇન્ટ ઘટીને ૭૨૮૩૯ ઉપર ટ્રેડ કરી રહ્યાં છે. વિશ્વભરના બજારોમાં ચાલી રહેલી ઉથલપાથલ હવે ભારતીય શેરબજાર સુધી પહોંચી ગઈ છે.

સોમવારે ભારતીય શેરબજારો નોંધપાત્ર ઘટાડા સાથે ખુલ્યા. શરૂઆતના વેપારમાં સેન્સેકસ ૧,૫૫૫.૬૨ પોઈન્ટ ઘટીને ૭૨,૯૭૭.૩૪ પર રહ્યો; નિફટી ૪૭૯.૯૫ પોઈન્ટ ઘટીને ૨૨,૬૩૪.૫૫ પર રહ્યો. શરૃઆતના વેપારમાં રૃપિયો ૩૩ પૈસા ઘટીને ૯૩.૮૬ ની નવી ઓલ-ટાઇમ નીચી સપાટીએ રહ્યો.તેલના વધતા ભાવથી ફુગાવાની ચિતામાં વધારો થતાં ચાંદીના ભાવ ૧૪,૦૦૦ રૃપિયા પ્રતિ કિલો, સોનાના ભાવ ૭,૦૦૦ રૃપિયા ઘટ્યા છે.

બજાર ખુલતાની સાથે જ નિફટીના હેવીવેઈટ્સમાં ભારે વેચવાલી શરૃ થઈ ગઈ. હિન્ડાલ્કો, ટાટા સ્ટીલ, SBI, M&M અને HDFC બેંક આજે સૌથી મોટા ઘટાડામાં સામેલ હતા. આ મુખ્ય શેરોમાં ઘટાડાથી સેન્સેકસ અને નિફટી પર દબાણ વધુ વધ્યું. બીજી તરફ, આ ઘટાડા છતાં, મેકસ હેલ્થકેર અને જેવા કેટલાક શેરોમાં થોડો વધારો જોવા મળી રહ્યો છે.



બજારમાં આજે વ્યાપક વેચવાલી જોવા મળી રહી છે. ઓટો, મીડિયા, બેંકો, મેટલ્સ અને PSU બેંકો જેવા ક્ષેત્રીય સૂચકાંકો ૨% સુધી નીચે ટ્રેડ થઈ રહ્યા છે. વધુમાં, સ્મોલ-કેપ અને મિડ-કેપ શેરો પણ ખરાબ સ્થિતિમાં છે. નિફટીના મિડ-કેપ અને સ્મોલ-કેપ સૂચકાંકોમાં પણ ૨% થી વધુનો ઘટાડો નોંધાયો છે.

આ ઘટાડા પાછ્ળનું સૌથી મોટું કારણ મધ્ય પૂર્વમાં તણાવ અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું ૪૮ કલાકનું અલ્ટીમેટમ છે. ટ્રમ્પે ઈરાનને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાની ચેતવણી આપી છે, તેના ઉર્જા સ્થાપનોનો નાશ કરવાની ધમકી આપી છે. આ સમાચારે વૈશ્વિક પુરવઠા શૃંખલા અંગે ચિતા વધારી છે, જેના કારણે WTI ક્રૂડ ઓઈલ ડોલર ૧૦૦ ની નજીક અને બ્રેન્ટ ક્રૂડ ઓઈલ ડોલર ૧૧૨.૧૭ ની નજીક પહોંચી ગયું છે.

માત્ર ભારતીય બજાર જ નહીં, પરંતુ એશિયન બજારો પણ ઉથલપાથલમાં છે. દક્ષિણ કોરિયાનો KOSPI ૪.૫૭% ઘટ્યો છે, અને જાપાનનો નિક્કી ૪% થી વધુ ઘટ્યો છે. IEA ના વડા ફાતિહ બિરોલે પણ ચેતવણી આપી છે કે વિશ્વ દાયકાઓમાં સૌથી મોટા ઉર્જા સંકટ તરફ આગળ વધી રહ્યું છે, જેની વૈશ્વિક અર્થતંત્ર પર વિનાશક અસર પડશે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ વચ્ચે સોમવારે પ્ક્ષ વિનિમય દર પર સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો. ચાંદીના ભાવ ૧૩,૬૦૬ રૃપિયા ઘટીને ૨.૧૩ લાખ રૃપિયા પ્રતિ કિલો થયા, જ્યારે સોનાના ભાવ ૭,૧૩૫ રૃપિયા ઘટીને ૧.૩૭ લાખ રૃપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયા.

સોમવારે વૈશ્વિક બજારમાં સોના અને ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડો થયો. વધતા ભૂરાજકીય તણાવ અને મજબૂત ડોલરના કારણે વેચાણ દબાણને કારણે બંને કિમતી ધાતુઓમાં ઉછાળો આવ્યો.

COMEX પર સોનાના ભાવ લગભગ ૩% ઘટીને ડોલર ૪,૪૬૨ પ્રતિ ઔંસ થયા. નોંધનીય છે કે ગયા અઠવાડિયે સોનાનો ભાવ લગભગ ૧૧% ઘટી ગયો હતો, જે ૧૯૮૩ પછીનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો દર્શાવે છે. એશિયન ટ્રેડિંગ દરમિયાન ચાંદી પણ લગભગ ૩% ઘટીને ડોલર ૬૭.૫ પ્રતિ ઔંસ થઈ ગઈ.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૭/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૬/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |




| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૪૬,૦૧૦ | ₹૨,૪૪,૯૦૦ |
| | -૧૦ | -૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૩.૮૫ | ₹૧૨૪.૯૮ |

# યુદ્ધવિરામ માટે ઈરાને ૩ નવી શરતો મૂકી હોવાનો દાવો

### હોર્મુઝમાંથી વધુ બે જહાજ ભારત આવવા રવાના થયા



**મુખ્ય સમાચાર, તહેરાન**

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધનો આજે ૨૪મો દિવસ છે. હોર્મુઝમાંથી વધુ બે ભારતીય જહાજ ભારત આવવા રવાના થયા છે. રિપોર્ટ અનુસાર, પાઈન ગેસ અને જગ વસંત નામના બે ભારતીય એલપીજી ટેન્કર યુએઈના શારજાહથી રવાના થઈ ગયા છે.

ઈરાને યુદ્ધવિરામ માટે ૩ નવી શરતો મૂકી છે. ઈરાનના એક મોટા અધિકારીએ લેબનીઝ મીડિયા અલ મયાદીનને રવિવારે જણાવ્યું કે તેમનો દેશ પહેલેથી નિર્ધારિત યોજના મુજબ કામ કરી રહ્યો છે.

આ ત્રણ નવી શરતોમાં પહેલી વિસ્તારમાં હાજર અમેરિકી સૈન્ય મથકોને બંધ કરવામાં આવે, બીજી હોર્મુઝ સ્ટ્રેટ માટે નવા નિયમો બનાવવામાં આવે અને ત્રીજી ઈરાન વિરુદ્ધ માનવામાં આવતા મીડિયા સાથે સંકળાયેલા લોકો પર કાર્યવાહી કરવામાં આવે અને તેમનું પ્રત્યાર્પણ કરવામાં આવે.

જ્યારે આ પહેલા ઈરાને કહ્યું હતું કે યુદ્ધવિરામ માટે ભવિષ્યમાં ફરીથી યુદ્ધ ન થવાની ગેરંટી આપવામાં આવે, નુકસાનનું વળતર આપવામાં આવે અને સમગ્ર ક્ષેત્રમાં ચાલી રહેલા યુદ્ધો સમાપ્ત કરવામાં આવે.

ઈરાની અધિકારીનું કહેવું છે કે તેમનો દેશ દુશ્મનોને પાઠ ન શીખવે ત્યાં સુધી કાર્યવાહી ચાલુ રાખશે.

# અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનુ યુદ્ધ વધુ ઘાતક બને તેવી સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ પહેલાથી જ ગંભીર ઉર્જા સંકટનો સામનો કરી રહ્યું છે, અને એકબીજાના મુખ્ય વ્યૂહાત્મક સ્થળોને નિશાન બનાવવાની ધમકીઓ પરિસ્થિતિને વધુ ખરાબ કરશે. તેની અસર પહેલાથી જ દેખાઈ રહી છે, ઈરાન ડોનાલ્ડ ટ્રમ્પના અલ્ટીમેટમનો વધુ આક્રમક રીતે જવાબ આપી રહ્યું છે. વૈશ્વિક તેલ અને ગેસ સપ્લાય ચેઈન માટે હોર્મુઝ સ્ટ્રેટ આવશ્યક છે, અને તેના પર નિયંત્રણ માટેની સ્પર્ધાએ સંપૂર્ણપણે અનિયંત્રિત યુદ્ધનો ભય પેદા કર્યો છે.

હોર્મુઝ પર અલ્ટીમેટમઃ ઈરાન અંગે અમેરિકા અને ઇઝરાયલની યોજનાઓ મૂંઝવણથી ભરેલી દેખાય છે. ટ્રમ્પે શરૂઆતમાં કહ્યું હતું કે તેમને હોર્મુઝ સ્ટ્રેટથી કોઈ ચિતા નથી અને જે દેશો ત્યાંથી તેલ અને ગેસ આયાત કરે છે તેઓએ જવાબદારી લેવી જોઈએ. ત્યારબાદ તેમણે ચેતવણી આપી હતી કે જો ઈરાન ૪૮ કલાકની અંદર હોર્મુઝ સ્ટ્રેટ ખોલશે નહીં, તો તેના પાવર પ્લાન્ટ પર હુમલો કરવામાં આવશે. ઈરાને ખાડીમાં ઊર્જા અને પાણીના સ્થળોને નિશાન બનાવીને બદલો લેવાની ધમકી પણ આપી છે.

અમેરિકા દબાણ હેઠળઃ ટ્રમ્પની બદલાતી યુક્તિઓ અને નિવેદનો સૂચવે છે કે તેમના પર દબાણ વધી રહ્યું છે. એક તરફ સ્થાનિક રાજકીય દબાણ છે, અને બીજી તરફ વૈશ્વિક ઊર્જા સંકટ. જોકે, જ્યારે સંઘર્ષ એટલો ખુલ્લો થઈ ગયો છે, ત્યારે ધમકીઓ હવે અસરકારક રહી નથી. પોતાને સાબિત કરવા માટે, ઈરાને વધુ આક્રમક રીતે પ્રતિક્રિયા આપવાનું શરૂ કર્યું છે. સંઘર્ષ ફેલાવવાનું ઈરાને ઇઝરાયલી શહેરો ડિમોના અને અરાદને નિશાન બનાવ્યા, જ્યાં પરમાણુ પ્લાન્ટ સ્થિત છે. ત્યારબાદ તેણે ડિએગો ગાર્સિયા પર લાંબા અંતરની મિસાઈલો છોડી. તે અત્યંત ચિતાજનક છે કે સંઘર્ષ હિંદ મહાસાગરમાં આવેલા ટાપુ સુધી ફેલાઈ ગયો છે, એટલે કે મુખ્ય યુરોપીય શહેરો પણ ઈરાની શષોની રેન્જમાં છે. જો અમેરિકા અને ઈઝરાયલ ઈરાનના પાવર પ્લાન્ટને નિશાન બનાવે છે, તો બદલો લેવાનો એક નવો રાઉન્ડ શરૃ થઈ શકે છે, જેને રોકવો અત્યંત મુશ્કેલ હશે.

# મધ્ય પૂર્વ એશિયામાં યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે દિલ્હીમાં યોજાઇ મહત્વપૂર્ણ બેઠક



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મધ્ય-પૂર્વ એશિયામાં ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા તણાવને જોતા, પીએમ મોદીએ રવિવારે રાત્રે દિલ્હીમાં સુરક્ષા વિષયક કેબિનેટ સમિતિ ()ની એક મહત્ત્વપૂર્ણ બેઠક બોલાવી હતી. આ હાઈલેવલ મીટિંગમાં સરકારે સ્પષ્ટ કર્યું છે કે, કોઈપણ ભોગે દેશમાં ઇંધણ અને ગેસનો સપ્લાય ખોરવાવો જોઈએ નહીં. વીજળીના મોરચે પણ સરકારે આશ્વાસન આપ્યું છે કે કોલસાનો જથ્થો પર્યાપ્ત હોવાથી કોઈ કટોકટી સર્જાશે નહીં. આ આયોજનથી જનતામાં ફેલાયેલો ડર દૂર થશે અને દેશની આર્થિક સ્થિતિ જાળવી રાખી મોંઘવારીને નિયંત્રણમાં રાખવામાં આવશે.

પીએમ મોદી અને વરિષ્ઠ મંત્રીઓ વચ્ચેની આ બેઠકમાં ઇંધણની સુરક્ષા માટે ખાસ રણનીતિ ઘડાઈ છે. ભારત પોતાની જરૃરિયાતનું આશરે ૮૫% ક્રૂડ ઓઈલ, ૫૦% કુદરતી ગેસ અને ૬૦% એલપીજી વિદેશી બજારોમાંથી મંગાવે છે. છેલ્લા ૨૪ દિવસથી મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષના કારણે આ આંતરરાષ્ટ્રીય સપ્લાય ચેઈન પર માઠી અસર પડી છે, જેને પહોંચી વળવા સરકાર હવે મજબૂત પગલાં લઈ રહી છે. આ પડકારને પહોંચી વળવા ભારત સરકારે ૧૧ મહત્ત્વના સેક્ટરો માટે ત્રણ સ્તરીય રણનીતિ બનાવવાનો નિર્ણય લીધો છે. જીવનજરૂરી ચીજવસ્તુઓ સતત મળતી રહે તે માટે ટૂંકા ગાળાના, મધ્યમ ગાળાના અને લાંબા ગાળાના આયોજન પર કામ શરૃ કરી દેવામાં આવ્યું છે.

કેબિનેટ બેઠકમાં કૃષિ, ખાતર, ખાદ્ય સુરક્ષા, પેટ્રોલિયમ, વીજળી, , નિકાસકારો, શિપિંગ, વેપાર, નાણાં અને સપ્લાય ચેઈન સહિતના ૧૧ મહત્ત્વના ક્ષેત્રો પર યુદ્ધની અસરની સમીક્ષા કરવામાં આવી. સરકારે ફાર્મા અને કેમિકલ ઉદ્યોગ માટે આયાતના સ્રોતોમાં વિવિધતા લાવવા તેમજ ખાતરની અછત નિવારવા વૈકલ્પિક દેશો શોધવા પર ભાર મૂક્યો છે. આ સાથે, ભારતીય સામાન માટે નવા નિકાસ બજારો વિકસાવવા અને પાવર પ્લાન્ટ્સમાં કોલસાનો પર્યાપ્ત સ્ટોક જાળવી વીજ પુરવઠો સુનિશ્ચિત કરવાનો નિર્ણય લેવાયો છે.

પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે સરકારે આગામી ખરીફ સીઝન માટે ખાતરની જરૃરિયાતનો અંદાજ મેળવી લીધો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તૈયાર કરાયેલા બફર સ્ટોકને કારણે દેશમાં ખાતરની અછત નહીં સર્જાય અને ખાદ્ય સુરક્ષા જળવાઈ રહેશે. આ ઉપરાંત, જો યુદ્ધને કારણે સપ્લાય રૂટ પ્રભાવિત થાય, તો વૈકલ્પિક દેશો પાસેથી ખાતર મંગાવવાની યોજના પણ તૈયાર છે.

સરકાર દ્વારા સામાન્ય જનતાની પાયાની જરૃરિયાતો જેવી કે અનાજ અને ઈંધણની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે હાલના સ્ટોકની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી છે. આ ઉપરાંત, બજારમાં અચાનક મોંઘવારી ન વધે અને ભાવ નિયંત્રણમાં રહે તે હેતુથી સપ્લાય ચેઈનને વધુ મજબૂત અને કાર્યક્ષમ બનાવવા માટે જરૃરી આદેશો પણ જારી કરી દેવામાં આવ્યા છે.

જો મધ્ય-પૂર્વનું યુદ્ધ લાંબુ ખેંચાય તો પણ દેશમાં અછત ન સર્જાય તે માટે સરકારે તેલ અને ખાતરની આયાત કરવા માટે વૈકલ્પિક દેશો અને નવા દરિયાઈ રસ્તાઓ પર ગંભીરતાથી ચર્ચા કરી છે.

# પાવરપ્લાન્ટ પર હુમલો થશે તો હોર્મુઝ જળમાર્ગ બંધ કરી દેવાશે : ઈરાનની ચેતવણી



**મુખ્ય સમાચાર, તહેરાન**

હોર્મુઝ જળમાર્ગ ખોલવાના અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ૪૮ કલાકના અલ્ટીમેટમ ફગાવતા ઈરાને જાહેર કર્યુ છે કે જો આ જળમાર્ગ પર હુમલો થશે તો હોર્મુઝ પુરી રીતે બંધ કરી દેવાશે.

ઈરાને જણાવ્યું હતું કે દુશ્મન સિવાયના તમામ દેશોના વ્યાપારી જહાજો માટે હોર્મુઝ જળમાર્ગ ખુલ્યો છે અને તે માર્ગ પસાર થવા માટે જે ફી નિશ્ચિત થઈ છે તે ચુકવવી પડશે પણ અમારા પાવર પ્લાંટ કે તેવા મથકો કે જળમાર્ગ પર હુમલો થશે તો આ માર્ગ પુરી રીતે બંધ કરી દેતું ઈરાને પણ ઈઝરાયેલ પર હુમલા ચાલુ જ રાખ્યા છે. સાથોસાથ ગલ્ફના દેશોના અમેરિકી મથકો પર હુમલા કર્યા છે.

ઈરાને પાડોશી દેશોને ચેતવણી આપી છે કે અમારા વિજ મથકો પર હુમલા થશે તો અમો ખારાપાણીને મીઠુ કરતા ડીસેલીનેશન પ્લાંટ પર હુમલો કરી ગલ્ફના દેશોને પાણી માટે દોડતા કરી દેતું ગલ્ફમાં મીઠા પાણીની તંગીથી અહી સમુદ્રના ખારા પાણીને મીઠુ કરીને ઉપયોગમાં લેવાના વિશાળ-કરોડો ગેલનના ડીસેલીનેશન પ્લાંટ ચાલે છે. ઈરાને ઈઝરાયેલ પર ૩૦૦થી વધુ મિસાઈલ દાગ્યા છે અને જણાવ્યું હતું કે અમોએ ઈઝરાયેલની જાસૂસી સંસ્થા પોલાદને પણ નિશાન બનાવ્યું છે.

## આસ્થા અને પ્રકૃતિનો સંગમ : હિમવર્ષાથી ચારધામ દિવ્ય બન્યા



હિન્દુઓની પવિત્ર ચારધામ યાત્રા શરૂ થવાને આડે થોડા દિવસો જ બાકી છે તેવા સમયે કેદારનાથમાં આસ્થા અને પ્રકૃતિનું સંગમ થઇ ગયું હોય તેવો અલૌકિક નજારો જોવા મળી રહ્યો છે. ઉત્તરાખંડ સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં હવામાન પલ્ટા સાથે હિમવર્ષા થઇ છે. બદરીનાથ સહિત ચારેય ધામોમાં હિમવર્ષાથી વાતાવરણ અલૌકિક બન્યું છે. મંદિર પરિસર તથા આસપાસના પહાડ સફેદ ચાદરથી ઢંકાઇ ગયા છે. જાણે પ્રકૃતિ સ્વયં બદરીનાથની આરતી કરતી હોય તેવું દ્રશ્ય છે. બરફના ફુવારા વચ્ચે સુકૂન, શાંતિ અને દિવ્યતાનો અહેસાસ થઇ રહ્યો છે. બીજી તસ્વીર અટલ ટનલની છે. સમગ્ર કેદાર વેલીમાં હિમવર્ષાથી સર્વત્ર સફેદ ચાદર છે.

# ભીષણ યુદ્ધને પગલે હવે ૧૪.૨ કિલોના સિલીન્ડરમાં ૧૦ કિલો જ ગેસ આપવા વિચારણા

### તેલ કંપનીઓએ સ્કીમ તૈયાર કરી; આખરી નિર્ણય સરકાર કરશે, વધુ ગ્રાહકોને ગેસ સપ્લાય કરી શકાય તેવો હેતૂ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મધ્ય પૂર્વમાં ભીષણ યુધ્ધને કારણે પેટ્રોલીયમ ખાસ કરીને રાંધણ ગેસમાં કટોકટીની હાલત સર્જાઇ છે ત્યારે વધુ લોકોને ગેસ આપી શકાય તે માટે ૧૪.૨ કિલોના સિલીન્ડરમાં ૧૦ કિલો જ ગેસ સપ્લાય કરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે.

પેટ્રોલીયમ કંપનીઓના સૂત્રોએ કહ્યું કે રાંધણ ગેસના વપરાશમાં કરકસર તથા વધુ પરિવારોને ગેસ આપી શકાય તેવાં ઉદેશ છે. ૧૪.૨૦ કિલોનું રાંધણ ગેસ સિલીન્ડર સામાન્ય પરિવારમાં સરેરાશ ૩૫થી ૪૦ દિવસ ચાલતું હોય છે.

૧૦ કિલો જ ગેસ આપવામાં આવે તો પરિવારો વધુ કરકસર કરે અને એક મહિના સુધી સિલીન્ડર ચાલી શકે. એલપીજીની સપ્લાય ચિંતાજનક છે જ ત્યારે ૧૦ કિલોના સિલીન્ડર વધુ પરિવારો સુધી પહોંચી શકે. આ આયોજનને આખરી નિર્ણય થવાના સંજોગોમાં ૧૦.૨ કિલોના સિલીન્ડરમાં ૧૦ કિલો જ ગેસ હોવાના સ્ટીકલ લગાવવામાં આવશે.

આ માટે બોટલીંગ પ્લાન્ટોએ પણ સિસ્ટમમાં બદલાવ કરવો પડશે તથા અમુક સરકારી મંજુરી મેળવવી પડશે.

જો કે ગેસનું વજન ઘટાડાતા ગ્રાહકોમાં ગૂંચવણ સર્જાવાની સાથોસાથ વિરોધ ઉઠી શકે ઉપરાંત પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી ટાણે રાજકીય મુદ્દો પણ બની શકે એટલે સરકાર મંજુરી આપશે કે કેમ તે સવાલ છે.

આમ છતાં ઈરાન યુધ્ધનો કોઇ નિવેડો ન આવે તો દિવસો દિવસ રાંધણગેસની હાલત વધુને વધુ ખરાબ થતી જવાનું જોખમ છે. ગેસનું એક જહાજ આવ્યું છે પરંતુ નવા શીપમેન્ટ નથી. છેલ્લા દિવસોમાં ૯૨૭૦૦ ટન ગેસ આવ્યો છે જે માત્ર એક જ દિવસના વપરાશ જેટલો છે. કોમર્સીયલ ગ્રાહકોને આંશિક સપ્લાય શરૃ કરાતા દબાણ વધ્યું છે.

પેટ્રોલીયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ ગત સપ્તાહે જ રાંધગેસની હાલત ચિંતાજનક ગણાવીને કરકસર કરવા પર ભાર મુક્યો હતો. જો કે, ડોમેસ્ટીક ડીલીવરી નિયંત્રિત જ હોવાનો સરકાર દાવો કરી રહી છે. કોમર્શિયલ ગ્રાહકોને શરૃઆતમાં સપ્લાય બંધ કરી દેવાયા બાદ ૪૦ ટકા આપવામાં આવી રહી છે.

ભારતના દૈનિક એલપીજી વપરાશ ૯૩૫૦૦ ટન છે. તેમાંથી ૮૬ ટકા (૮૦૪૦૦ ટન) ડોમેસ્ટીકનો છે.

# યુદ્ધની આગ ટફન ગ્લાસ ઉદ્યોગ પર પડી

### ભાવ ૧૨૦થી વધી રૂ.૩૨૦ પ્રતિ ફૂટ થયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓની અસર હવે બાંધકામ ક્ષેત્રના વ્યવસાયો પર પડી રહી છે. ખાસ કરીને ટફન ગ્લાસ વ્યવસાયને સીધી અસર થઈ છે. વાણિજ્યિક સિલિન્ડરોની અછત અને કાચા માલના વધતા ભાવને કારણે ઉત્પાદન ખર્ચમાં વધારો થયો છે. આનાથી વ્યવસાયોને વૈકલ્પિક વ્યવસ્થાઓનો આશરો લેવાની ફરજ પડી છે.



ટફન ગ્લાસના જથ્થાબંધ વેપારી સચિન ચૌબેના જણાવ્યા અનુસાર, યુદ્ધ પહેલા સાદા કાચની કિંમત પ્રતિ ફૂટ આશરે ૧૨૦ રૂપિયા હતી, પરંતુ હવે ટફન ગ્લાસની કિંમત ૨૮૦ થી ૩૨૦ રૂપિયા પ્રતિ ફૂટ થઈ ગઈ છે. ભાવમાં આ અચાનક વધારાને કારણે ગ્રાહકોની માંગમાં પણ ઘટાડો થઈ રહ્યો છે.

ટફન ગ્લાસના ઉદ્યોગકારોનું કહેવું છે કે જો આ પરિસ્થિતિ ચાલુ રહેશે તો ભવિષ્યમાં આ વ્યવસાય પર વધુ અસર પડી શકે છે. ટફન ગ્લાસનો ઉપયોગ ઘર અને ઓફિસના બાંધકામ, વાહનના કાચ અને ઇન્ટીરિયર વર્ક માં સૌથી વધુ થાય છે.

મોટાભાગની ટફન ગ્લાસ સામગ્રી દક્ષિણ ભારતમાંથી આવે છે. કોમર્શિયલ ગેસનો ઉપયોગ કરીને ભઠ્ઠીમાં ઊંચા તાપમાને ગરમ કરીને સાદા કાચને ટફન ગ્લાસમાં રૂપાંતરિત કરવામાં આવે છે. જોકે, વધતા ગેસ અને અન્ય ખર્ચને કારણે તેનું ઉત્પાદન મોંઘું થયું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ધોરાજીના મોટી મારડમાં વિકાસના નામે મસ મોટો ભ્રષ્ટાચાર : ૧૦ લાખના ખર્ચે બનેલા કોઝવેમાં 'લોલમલોલ', રસ્તો તૂટયો!





**ધોરાજી તાલુકાના મોટી મારડથી મારડીયા જવાના માર્ગે બનેલા કોઝવેમાં હલકી કક્ષાનું મટીરીયલ વપરાયાનો ખેડૂતો અને ખુદ પંચાયત સદસ્યનો સનસનીખેજ આક્ષેપ : ભ્રષ્ટ કામગીરીના વિરોધમાં રોષે ભરાયેલા ખેડૂતોએ રામધૂન બોલાવી તંત્રને જગાડવાનો કર્યો પ્રયાસ, આગામી ચોમાસામાં પુલ તૂટી જવાની ભીતિ**

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ – કૌશલ સોલંકી**

રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, પરંતુ સ્થાનિક લેવલે ભ્રષ્ટ બાબુઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી આ ગ્રાન્ટના નાણાં કઈ રીતે સીધા ભ્રષ્ટાચારની ગટરમાં વહી જાય છે, તેનો જીવતો જાગતો નમૂનો ધોરાજી તાલુકાના મોટી મારડ ગામમાં જોવા મળ્યો છે. ધોરાજીના મોટી મારડથી મારડીયા જવાના માર્ગે તાજેતરમાં જ બનેલા નવા કોઝવેના કામમાં મોટા પાયે 'પોલંપોલ' ચાલી હોવાના આક્ષેપ સાથે ખેડૂતો રસ્તા પર ઉતરી આવ્યા છે. સ્થિતિ એટલી હદે વણસી છે કે રસ્તા પર મુકાયેલી કપચી અને સિમેન્ટ હાથ અડાડતા જ ઉખડી રહ્યા છે!

પ્રાપ્ત વિગતો અનુસાર, જિલ્લા પંચાયતની ૧૦ લાખ રૂપિયાની ગ્રાન્ટમાંથી આ કોઝવે (ચેકડેમ કમ રસ્તો) બનાવવામાં આવ્યો છે. મોટી મારડ ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ૧ ના સદસ્ય પ્રવીણભાઈ સોલંકી અને ખેડૂત આગેવાન પરેશભાઈ વાછાણીના જણાવ્યા મુજબ, આ રસ્તા પરથી રોજના ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલા ખેડૂતોની અવરજવર રહે છે અને આ માર્ગ ૩ થી ૪ ગામોને જોડે છે. જોકે, કોન્ટ્રાક્ટરે અહીં સાવ હલકી કક્ષાનું મટીરીયલ વાપરીને માત્ર પોતાના ખિસ્સા જ ભર્યા હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. રસ્તા પર મોટી તિરાડો પડી ગઈ છે અને સહેજ હાથ અડાડતા જ મટીરીયલ બહાર આવી જાય છે. રોષે ભરાયેલા ખેડૂતોએ કોઝવે પર જ 'રામધૂન' બોલાવીને તંત્રની આંખ ઉઘાડવાનો પ્રયાસ કર્યો હતો અને જવાબદારો સામે કડક તપાસની માંગ ઉઠાવી છે.

એક તરફ ખેડૂતો અને પંચાયતના જ સદસ્ય ખુલ્લેઆમ ભ્રષ્ટાચારના પુરાવા આપી રહ્યા છે, ત્યારે મોટી મારડના મહિલા સરપંચ શર્મિલાબેન ચાવડાએ બધો જ દોષ સોલાર કંપનીના વાહનો પર ઢોળી દીધો છે. સરપંચનું કહેવું છે કે, આ આક્ષેપો પાયાવિહોણા છે. બાજુમાં ચાલતા સોલાર પ્રોજેક્ટના ભારે વાહનો અને થાંભલા ભરેલી ગાડીઓ આ કોઝવે પરથી પસાર થવાને કારણે નુકસાન થયું છે. વધુમાં તેમણે એવો પણ દાવો કર્યો હતો કે અગાઉ ચોમાસામાં તેમણે પોતાના અંગત ૫૦ હજાર રૂપિયા વાપરીને પુલને ટકાવી રાખ્યો હતો.

અહીં સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે, જો ૧૦ લાખ રૂપિયા પૂરેપૂરા અને ઈમાનદારીથી રસ્તાના કામમાં વપરાયા હોય, તો પછી માત્ર થોડા ભારે વાહનો પસાર થવાથી આખો કોઝવે કેવી રીતે જર્જરિત થઈ શકે? શું એન્જિનિયરોએ પાસ કરેલું કામ આટલું નબળું હતું? ખેડૂતો આશંકા વ્યક્ત કરી રહ્યા છે કે આગામી ચોમાસામાં આ પુલ પાણીમાં ગરકાવ થઈ જશે. ત્યારે હવે જોવાનું એ રહે છે કે, રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી અને ધોરાજી તાલુકાના ઉચ્ચ અધિકારીઓ આ લોલમલોલ કામગીરીનું સરપ્રાઈઝ ચેકિંગ કરી ભ્રષ્ટ કોન્ટ્રાક્ટર અને તેને છાવરતા લોકો સામે કોઈ નક્કર કાર્યવાહી કરશે કે પછી ખેડૂતોની રજૂઆત માત્ર કાગળ પર જ રહી જશે?

# મોરબીમાં યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા ''મહિલા લીડરશીપ કોન્કલેવ'' થકી મહિલાઓમાં સશક્તિકરણ અને નેતૃત્વના ગુણોનું સિંચન

**સમાજના વિવિધ ક્ષેત્રોમાં સકારાત્મક કાર્યો કરતી મહિલાઓને એક મંચ પર લાવીને નારી શક્તિથી દેશ અને સમાજનું ઉજ્જવળ ભવિષ્ય બનાવવા માટે મનોમંથન કરાયું**




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી દેશ અને દુનિયાની જેમ મોરબીની દરેક ક્ષેત્રોમાં સકારાત્મક કાર્યો કરતી મહિલાઓમાં રહેલી શક્તિથી દેશ, સમાજ અને કુટુંબ વ્યવસ્થાને સુખ સમૃદ્ધિથી હર્યાભર્યા કરવા માટે ક્રાંતિકારી વિચારોને વરેલા યંગ ઈન્ડિયા ગ્રૂપ દ્વારા પ્રથમ વખત મહિલાઓને વૈચારિક મનોમંથન કરવાનું મંચ પૂરું પાડવામાં આવ્યું હતું. મહિલા સંગઠનો નારી ઉત્થાન માટે હરહમેશ સક્રિય હોય એવા મહિલા સંગઠનો અન્ય મહિલાઓમાં નારી શક્તિને જાગૃત કરી નારી અસ્મિતાનુ ગૌરવ જાળવી રાખે અને મહિલાઓનો સર્વાંગી વિકાસ થાય એ માટે યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા પ્રથમ વખત એક અનોખી અને પ્રેરણાદાયી પહેલરૂપે ''મહિલા લીડરશીપ કોન્કલેવ'' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના જાણીતા મહિલા તજજ્ઞોએ નારી શક્તિ ધારે તો દેશ, સમાજ અને કુટુંબ માટે શુ કરી શકે તેના પ્રેરણાદાયી ઉદાહરણો આપી મોટી સંખ્યામાં ઉમટી પડેલી મહિલાઓમાં સશક્તિકરણ અને નેતૃત્વના ગુણોનું સિંચન કર્યું હતું. સાથે કુટુંબ વ્યવસ્થાથી સમાજ અને દેશ પર પ્રભાવ પડતો હોય એટલે દરેક નારીને ખોટા કલેશથી દૂર રહી એકબીજા પ્રત્યે ખટાશને બદલે મધુરતા રાખીને ખાસ સમજણ કેળવવાથી ઘર સ્વર્ગ બની જતું હોવાનું જણાવ્યું હતું.

યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા પ્રથમ વખત આયોજિત ''મહિલા લીડરશીપ કોન્કલેવ'' નો મુખ્ય હેતુ સમાજના વિવિધ ક્ષેત્રોમાં પોતાનું નહિ બીજાના ભલામાં જ આપણું ભલું હોવાંની ભાવનાને ચરિતાર્થ કરવા સતત સક્રિય કાર્ય કરતી મહિલાઓને એક મંચ પર લાવી તેમના વિચારો, અનુભવો અને નેતૃત્વ ક્ષમતાનો પરસ્પર વિનિમય થકી સમાજમાં સકારાત્મક પરિવર્તનની દિશા નિર્ધારિત કરવાનો હતો. કાર્યક્રમમાં ખાસ કરીને મહિલાઓના વિકાસ માટે કાર્યરત આશરે ૧૦ જેટલી વિવિધ સંસ્થાઓની બહેનો જોડાઈ, જેમણે એકબીજાના અનુભવોમાંથી પ્રેરણા મેળવી અને સહયોગી દિશામાં આગળ વધવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

યંગ ઈન્ડિયા ગ્રુપ હંમેશા સામાજિક, ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓને નવતર અને અસરકારક રીતે રજૂ કરવા માટે જાણીતું રહ્યું છે. સમાજ ઉત્થાનના કાર્યમાં સતત અગ્રેસર રહેલી આ સંસ્થાએ પ્રથમ વખત મહિલા નેતૃત્વને કેન્દ્રસ્થાને રાખીને આ પ્રકારનું આયોજન કરીને મોરબીમાં એક નવી દિશાની શરૂઆત કરી છે.

કાર્યક્રમમાં હેમાબેન પટેલ, અંજનાબેન ગઢીયા, હિરલબેન વ્યાસ (જિલ્લા યુવા વિકાસ અધિકારી, મોરબી), વંદનાબેન સરડવા, અવની ભોરણીયા અને જલ્પાબેન ત્રિવેદી સહિતના આગેવાનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પોતાના વિચારો તથા અનુભવો દ્વારા બહેનોને પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે વિવિધ સંસ્થાઓની મહિલાઓ દ્વારા મળીને કળા, સાહિત્ય, સ્વાસ્થ્ય, પરિવાર સંકલન, શિક્ષણ, સ્કિલ ડેવલપમેન્ટ અને રમતગમત જેવા મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા-વિચારણા કરવામાં આવી, તેમજ ભવિષ્યમાં સંયુક્ત રીતે વધુ અસરકારક કાર્યક્રમો યોજવા અંગે પણ વિચારવિમર્શ કરવામાં આવ્યો.

આ અંગે યંગ ઈન્ડિયા ગ્રુપના સ્થાપક ડૉ. દેવેન રબારીએ જણાવ્યું હતું કે મહિલા સશક્તિકરણ માત્ર એક નારો કે કાર્યક્રમ સુધી સીમિત બાબત નથી, પરંતુ સમાજના સર્વાંગી વિકાસ માટેનું એક મજબૂત આધાર છે. તેમણે જણાવ્યું હતું કે જ્યારે મહિલાઓ આત્મવિશ્વાસ સાથે નેતૃત્વ સ્વીકારે છે ત્યારે સમાજમાં માત્ર પરિવર્તન નહીં પરંતુ નવી દિશાનો ઉદય થાય છે. આ દ્વારા મોરબી શહેરમાં મહિલાઓને એક સશક્ત મંચ મળ્યો છે, જ્યાંથી તેઓ પોતાના વિચારોને વ્યાપક બનાવતા સમાજના વિકાસમાં સક્રિય ભૂમિકા નિભાવશે. ભવિષ્યમાં પણ આવા પ્રેરણાદાયી અને સમાજકેન્દ્રિત આયોજનો દ્વારા નારી શક્તિને વધુ મજબૂત બનાવવાનો યંગ ઈન્ડિયા ગ્રુપનો સંકલ્પ રહેશે.

આ સમગ્ર કાર્યક્રમ દ્વારા મોરબી શહેરમાં નારી શક્તિ, નેતૃત્વ અને સામાજિક સહકાર અંગે એક નવી જાગૃતિ સર્જાઈ છે, જે શહેરના વિકાસ માટે એક મજબૂત પાયો સાબિત થશે.

# ઉના એસ.ટી.ડેપો ખાતે પાંચ એસ.ટી. બસને લીલીઝંડી આપતા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**




ઉના ગીરગઢડા તાલુકામાં આજ રોજ ઉના થી રાજકોટ ની કુલ ૩ ત્રણ) એસ.ટી.બસ તેમજગીરગઢડા થી કૃષ્ણનગર'' ની કુલ ૨ (બે) એસ.ટી. બસ''ઉના એસ.ટી.ડેપોમાં આવેલ કુલ નવી પાંચ બસોનું રૂટ વાઈઝ લોકાર્પણ કરવામાં આવ્યુ. ઉના એસ.ટી.બસ સ્ટેન્ડ મુકામે થી કુલ નવી ૫ (પાંચ) બસોને ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ કે.સી.રાઠોડ )ના હસ્તે લીલીઝંડી આપી અને શુભારંભ કરવામાં આવ્યું હતું. આ રૂટની બસો શરૂ થવાથી ઉના ગીરગઢડા તાલુકાની પેસેન્જર જનતાને ફાયદો થશે અને વધુ લાભ થશે આ તકે ઉના ડેપો મેનેજર મકવાણા ઉના ધારાસભ્યના પુત્ર રવિભાઈ રાઠોડ શહેર ભાજપ પ્રમુખમનીષભાઈ કારીયા નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ મિતેશભાઈ શાહ, નગરપાલિકાના કારોબારી સમિતિના ચેરમેન ધીરુભાઈ છગ, શહેર ભાજપ મહામંત્રી કાંતિભાઈ છગ, કિરીટભાઈ વાજા, શહેર ભાજપ આશિષભાઈ ધકાણ, બાબુભાઈ ડોડીયા, શહેર ભાજપ મંત્રી જયેશભાઈ ચુડાસમા, પિયુષભાઈ જાની, શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ ભાવેશભાઈ વાજા ઉના શહેર બક્ષીપંચ મોરચાના મહામંત્રી કિશનભાઈ મકવાણા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના અહેમદપુર માંડવી બીચ પર દરિયાઈ સુરક્ષાને લઈને મરીન કમાન્ડોનું પેટ્રોલિંગ

**દરિયાઈ સુરક્ષા અને યુદ્ધની સ્થિતિને ધ્યાને લઈ વિશેષ તકેદારી રાખતી મરીન પોલીસ તેમજ કમાન્ડો**



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના અહેમદપુર માંડવી બીચપરમરીનકમાન્ડો દ્વારા સઘન ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે આ કાર્યવાહી કરવામાં આવી હતી. આતંકવાદ જેવી ઘટનાઓ પછીનો સમયગાળો અત્યંત સંવેદનશીલ હોય છે આ ઉપરાંત, વૈશ્વિકયુદ્ધનીવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં વિશેષ તકેદારી રાખવી અનિવાર્ય છે. ભવિષ્યમાં કોઈ અનિચ્છનીય ઘટના ટાળવા માટે આ પગલું લેવાયું છે. આ સઘન પેટ્રોલિંગ અઝજ અને સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિર્દેશક અમિતકુમાર વિશ્વકર્મા, દરિયાઈ સુરક્ષા ટાસ્ક ફોર્સના પોલીસ મહાનિરીક્ષક મુનિયા, તથા મરીન ટાસ્ક ફોર્સના પોલીસ અધિક્ષક એ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કમાન્ડોની ટીમો દ્વારા અલગ અલગ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરાયું હતું. પેટ્રોલિંગ દરમિયાન, જુદા જુદા શંકાસ્પદ વિસ્તારોમાં પણ સઘન તપાસ અને નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. આનાથી દરિયાકાંઠાની સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બની છે

# મોરબીમાં ચૈત્રી નવરાત્રી નિમિતે શ્રી ધક્કાવાળી મેલડી માતાજી મંદિર ખાતે ભવ્ય રાસ-ગરબાનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના નવલખી રોડ પર આવેલ શ્રી ધક્કાવાળી મેલડી માતાજી મંદિર દ્વારા ચૈત્રી નવરાત્રી મહોત્સવ અંતર્ગત તા. ૨૫ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રે ૮.૩૦ વાગ્યે ઓર્કેસ્ટ્રા સાથે ભવ્ય રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે બહેનો અને દીકરીઓને ઉમંગભેર ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.



મોરબીના નવલખી રોડ પર રેલ્વે સ્ટેશન નજીક આવેલ આસ્થા અને શ્રદ્ધાના પ્રતિક સમાન શ્રી ધક્કાવાળી મેલડી માતાજી મંદિર ખાતે ચૈત્રી નવરાત્રી મહોત્સવ ભક્તિભાવથી ઉજવાઈ રહ્યો છે. નવરાત્રી નિમિતે મંદિરને આકર્ષક લાઈટિંગથી ઝગમગતું બનાવવામાં આવ્યું છે, ત્યારે શ્રદ્ધા, ભક્તિ અને આરાધનાના સંગમરૂપ આ પાવન અવસરે તા.૨૫/૦૩ને બુધવારના રોજ રાત્રે ૮.૩૦ વાગ્યે મંદિરના આંગણે ઓર્કેસ્ટ્રા અને મ્યુઝિક પાર્ટીના તાલે ભવ્ય રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સ્થાનિક બહેનો અને દીકરીઓ ઉત્સાહપૂર્વક જોડાઈ શકે તે માટે શ્રી ધક્કાવાળી મા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સૌને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મોરબીમાં ગેરકાયદેસર વ્યાજખોરી વિરુદ્ધ પોલીસ દ્વારા જનસંપર્ક સભાનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે તા. ૨૪ માર્ચના રોજ ગેરકાયદેસર વ્યાજખોરી અને નાણા ધીરધારના કેસોમાં પીડિત નાગરિકોની ફરિયાદો સાંભળવા તથા બેંક લોન અંગે માર્ગદર્શન આપવા જનસંપર્ક સભાનું આયોજન કરવામાં આવ્યું છે, ત્યારે આ સભાનો લાભ લેવા મોરબી જીલ્લા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્ય પોલીસ મહાનિર્દેશક તથા નાયબ પોલીસ મહાનિરીક્ષક અને મોરબી પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ તા.૨૪/૦૩ના રોજ સાંજે ૪ વાગ્યે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે જનસંપર્ક સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભામાં ગેરકાયદેસર વ્યાજખોરીનો ભોગ બનેલા નાગરિકોની રજૂઆતો અને ફરિયાદો સાંભળી યોગ્ય કાર્યવાહી અને નિરાકરણ કરવામાં આવશે. ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રીયકૃત, સેડ્યુલ્ડ અને કો-ઓપરેટિવ બેંકો તેમજ માઇક્રો ફાઇનાન્સ સંસ્થાના પ્રતિનિધિઓ પણ હાજર રહેશે, જેથી જરૂરિયાતમંદ નાગરિકોને કાયદેસર રીતે લોન મેળવવા માટે માર્ગદર્શન અને સહાય મળી શકે. ત્યારે મોરબી જીલ્લા પોલીસ દ્વારા આ જનસંપર્ક સભામાં વધુમાં વધુ નાગરિકોને હાજરી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ધોરાજીની સરકારી હોસ્પિટલના આંખ વિભાગમાં એક જ દિ'માં પાંચ ઓપરેશન

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ – કૌશલ સોલંકી**



ધોરાજીની સરકારી હોસ્પિટલમાં આંખ વિભાગ આધુનિક સાધનોથી સજ્જ છે અને આંખના નિષ્ણાત ડો.અર્પિતાબેન મિસ્ત્રી દ્વારા ગઈકાલે એકી સાથે પાંચ દર્દીઓના આંખના મોતિયાના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરેલ હતી અને દર્દીઓના સગાએ સરકારી હોસ્પિટલની આંખ વિભાગની કામગીરીને બિરદાવી હતી. આ તકે સરકારી હોસ્પિટલ અધિકારી જયેશ વસેટીયને જણાવેલ હતું કે ધોરાજી સરકારી હોસ્પિટલમાં આધુનિક સાધનો છે.

જેવા કે મણીના માપ લેવાનું મશીન ચશ્માના નગર કાઢવાનું મશીન ફડસકેમેરા ઓપરેટિવ માઈક્રોસ્કોપ અને છારી ઉતારવા સહિતના આધુનિક સાધનો છે અને મોતિયા સહિતના ઓપરેશન તો ચાલુ છે પણ એકી સાથે એક દિવસમાં પાંચ ઓપરેશન કરી દર્દીઓના કરી અપાયેલ છે.

# મોરબીમાં રબારી-ભરવાડ સમાજની એકતા માટે મહામિલન બેઠક સંપન્ન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં રબારી અને ભરવાડ સમાજની એકતા મજબૂત બનાવવા મચ્છુ માતાજી મંદિરે ઐતિહાસિક મહામિલન બેઠક યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં આગેવાનો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.



મોરબીમાં રબારી-ભરવાડ સમાજ એકતા સમિતિ દ્વારા સમાજની એકતા અને અસ્મિતા મજબૂત બનાવવા માટે મહામિલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૨ માર્ચ ૨૦૨૬ના રોજ મચ્છુ માતાજી મંદિરે યોજાયેલ આ કાર્યક્રમમાં બંને સમાજના વડીલો, આગેવાનો અને યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમમાં સમાજના સર્વાંગી વિકાસ માટે સંગઠનની મહત્વતા પર ભાર મુકાયો હતો અને એકતા દ્વારા મજબૂત ભવિષ્ય નિર્માણ કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. યુવાનોને ખાસ કરીને આગળ આવીને સમાજના હિતમાં કાર્ય કરવા અપીલ કરવામાં આવી હતી. આ સાથે કાર્યક્રમના વિશેષ વ્યવસ્થાના ભાગરૂપે અંતે ઉપસ્થિત તમામે તાવા પ્રસાદ (સમૂહ ભોજન) લઈ કાર્યક્રમની પુર્ણાહુતી જાહેર કરવામાં આવી હતી.

# હળવદના રાયસંગપર નજીક અલ્ટો કારમાં આવેલા ચાર શખ્સોએ યુવકને પાઈપ-ધોકાથી માર માર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના રાયસંગપર નજીક મોટર સાયકલમાં ડબલ સવારી જઈ રહેલા યુવકને રોકી ચાર ઈસમોએ લોખંડના પાઈપ અને ધોકાથી હુમલો કર્યો હતો, જેમાં યુવકને હાથ-પગમાં પાંચ જેટલા ફ્રેક્ચર જેવી ગંભીર ઇજાઓ પહોંચી હતી. હળવદ વિસ્તારમાં વધુ એક ગંભીર બનાવ સામે આવ્યો છે. જેમાં હળવદના રાયસંગપરથી મયુરનગર વચ્ચે બાપા સીતારામ મઢુંલી પાસે દિનદહાડે એક યુવક ઉપર ચાર ઈસમોએ જીવલેણ હુમલો કરતા ચકચાર મચી ગઇ છે. મળતી માહિતી મુજબ, ભવાનીનગર લાંબી દેરી હળવદમાં રહેતા મહેશભાઈ ઉર્ફે ગોપાલભાઈ ગોહિલ ઉવ.૨૯ એ હળવદ પોલીસ સમક્ષ આરોપી એસ.પી.કોળી રહે. કુંભરીયા તા.માળીયા(મી), સામંતભાઈ રામાભાઈ ભરવાડ, ગણપતભાઈ ભરવાડ તથા નિલેશભાઈ હમાભાઈ સુરેલા ત્રણેય રહે. હળવદ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૨૧/૦૩ના રોજ પોતાના મિત્ર સાથે મોટરસાયકલ ઉપર રાયસંગપરથી હળવદ જતાં હતા ત્યારે એક નંબર વગરની કાળી અલ્ટો કાર આવી હતી અને તેમનું મોટર સાયકલ રોકી કારમાંથી ઉતરેલા ઉપરોક્ત ચારેય ઈસમો પૈકી બે ઈસમોએ ''તું વિજય અને ભરત સાથે કેમ બેસે છે'' કહી ગાળો આપી લોખંડના પાઈપ અને લાકડાના ધોકાથી બેફામ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ ઉપરથી નાસી ગયા હતા.

આ બનાવ બાદ યુવકને ૧૦૮ મારફતે હળવદ સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યો હતો, જ્યાં મહેશભાઈ ઉર્ફે ગોપાલભાઈને હાથ અને પગમાં પાંચ જેટલા ફ્રેક્ચર જેવી ગંભીર ઇજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું હતું. ઘટના બાદ પીડિતની ફરિયાદના આધારે હળવદ પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તેમજ જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# મોરબી મોહનભાઈ કુંડારીયાની BBSSLના ડિરેક્ટરપદે નિમણૂક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગુજરાત ભાજપના સહ-કોષાધ્યક્ષ મોહનભાઈ કુંડારીયાની ભારતીય બીજ સહકારી લિમિટેડ (BBSSL) ના ડિરેક્ટર પદે નિમણૂક થતાં મોરબી જીલ્લા ભાજપ પરિવાર દ્વારા હર્ષ વ્યક્ત કરી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના સહ-કોષાધ્યક્ષ મોહનભાઈ કુંડારીયાની કેન્દ્ર સરકારની મહત્વપૂર્ણ સંસ્થા ભારતીય બીજ સહકારી લિમિટેડ (BBSSL)ના ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમની આ નિમણૂકને મોરબી જીલ્લા ભાજપ દ્વારા હર્ષભેર વધાવવામાં આવી છે. જીલ્લા ભાજપ પ્રમુખ જયંતીભાઈ રાજકોટિયા તેમજ મહામંત્રીઓ નિર્મલભાઈ જારીયા, તપનભાઈ દવે અને ચતુરભાઈ મકવાણાએ સંયુક્તમાં જણાવ્યું કે, મોહનભાઈનો સહકારી ક્ષેત્રનો અનુભવ રાષ્ટ્રીય સ્તરે ખેડૂતોના કલ્યાણ અને બીજ ઉત્પાદન ક્ષેત્રે ઉપયોગી બનશે. આ તકે જીલ્લા ભાજપના હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ પણ તેમને અભિનંદન પાઠવ્યા છે.

# મોરબીના રાપર નજીક ટેન્કર પાછળ સુપર કેરી વાહન અથડાતાં ચાલકનું મોત, એક ઘાયલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રાપર ગામની સીમમાં હળવદ-માળીયા હાઈવે રોડ ઉપર પાણીના ટેન્કર પાછળ સુપર કેરી વાહન અથડાતા ચાલકનું સારવાર દરમિયાન મોત થયું હતું, જ્યારે સાથે બેઠેલ ચાલકનો ભાઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. સમગ્ર અકસ્માતના બનાવ મામલે ટેન્કરના ચાલકની ફરિયાદને આધારે તાલુકા પોલીસે સુપર કેરી વાહનના મૃતક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

મોરબી તાલુકાના રાપર ગામની સીમમાં હાઈવે પર અકસ્માતની ઘટના બની હતી, જેમાં પાણી ભરેલા ટ્રક ટેન્કર પાછળ મારૂતિ સુઝુકી સુપર કેરી લોડિંગ વાહન પુરઝડપે અથડાયું હતું. જેમાં ગત તા.૧૮/૦૩ના રોજ ટેન્કર રજી.નં. જીજે-૧૨-એટી-૭૭૧૩ ડિવાઇડરમાં આવેલા છોડને પાણી પીવડાવવાના કામમાં હોય ત્યારે પાછળ સ્ટોપ લાઈટ ચાલુ હોવા છતાં સુપર કેરી રજી.નં. જીજે-૩૬-વી-૮૯૮૬ના ચાલકે બેદરકારીથી વાહન હંકારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સુપર કેરીના ચાલક સાજનકુમાર હરજીભાઈ દેલવાણીયા ઉવ.૨૧ રહે. સરવડ તા.માળીયા(મી) વાળાને તથા તેમની સાથે બેઠેલા ચાલકના ભાઈ વિષ્ણુભાઈ દેલવાણીયાને માથા અને પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારે બંનેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ચાલુ સારવાર દરમિયાન સુઓર કેરી વાહનના ચાલક સાજનકુમારનું મૃત્યુ નિપજ્યું હતું. ઘટના અંગે ટેન્કર ચાલક કમલેશભાઈ દેવાભાઈ પાંચીયા રહે. ખાખરેચી વાળાની ફરિયાદને આધારે મોરબી તાલુકા પોલીસે મૃતક સાજનકુમાર સામે ભારતીય ન્યાય સંહિતા તથા મોટર વાહન અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રાજકોટ ડિવિઝન સ્પોર્ટ્સ એસા. દ્વારા ડીઆરએમ ટ્રોફીનું સફળ આયોજન : એન્જિનિયરિંગ વિભાગ બન્યું ચેમ્પિયન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝન ખેલકૂદ સંઘ દ્વારા ડિવિઝનમાં કાર્યરત રેલવે કર્મચારીઓ માટે ડીઆરએમ ટ્રોફી-૨૦૨૬નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત ડિવિઝનના વિવિધ વિભાગોની ટીમો વચ્ચે ૫ ફેબ્રુઆરીથી ૨૨ માર્ચ, ૨૦૨૬ દરમિયાન વિવિધ રમતગમત સ્પર્ધાઓ યોજાઈ હતી.

આ સ્પર્ધામાં ક્રિકેટની સાથે-સાથે ટેબલ ટેનિસ, બેડમિન્ટન, ચેસ, ફૂટબોલ, સાયકલિંગ અને એથ્લેટિક્સ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાઓના પરિણામો પોઈન્ટ ટેબલના આધારે જાહેર કરવામાં આવ્યા હતા અને દરેક રમતગમત ઈવેન્ટમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર ટીમોને ટ્રોફી અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

સમગ્ર પ્રદર્શનના આધારે એન્જિનિયરિંગ વિભાગ ૬૩ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને, RPF વિભાગ ૩૬ પોઈન્ટ સાથે બીજા સ્થાને અને મિકેનિકલ વિભાગ ૨૫ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહ્યો હતો.

ક્રિકેટ સ્પર્ધાની ફાઈનલ મેચ એન્જિનિયરિંગ અને આરપીએફ વિભાગની ટીમો વચ્ચે રમાઈ હતી, જેમાં એન્જિનિયરિંગ વિભાગ વિજેતા બની ડીઆરએમ ટ્રોફી-૨૦૨૬નું ચેમ્પિયન બન્યું હતું. RPF વિભાગ રનર્સ-અપ (ઉપવિજેતા) રહ્યો હતો.

ક્રિકેટ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ ના દીપક મરીચિને 'મેન ઓફ ધ સિરીઝ', મેડિકલ વિભાગના રામકિશન કુમાવતને 'શ્રેષ્ઠ બેટ્સમેન' અને એન્જિનિયરિંગ વિભાગના વિતુલ બારૈયાને 'શ્રેષ્ઠ બોલર' જાહેર કરવામાં આવ્યા હતા.

રાજકોટ સ્થિત રેલવે ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાયેલા ઈનામ વિતરણ સમારોહમાં ડિવિઝન રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીના દ્વારા વિજેતા ટીમોને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. સાથે જ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓને મોમેન્ટો અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ડીઆરએમ ગિરિરાજ કુમાર મીનાએ તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, રેલકર્મીઓ પોતાની ફરજની સાથે-સાથે રમતગમતમાં પણ સક્રિય ભાગ લે અને પોતાને સ્વસ્થ રાખે.

રાજકોટ ડિવિઝન રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીના તથા રાજકોટ ડિવિઝન સ્પોર્ટ્સ એસોસિએશનના સચિવ અને વરિષ્ઠ ડિવિઝન સુરક્ષા અધિકારી આર.સી. મીણાના માર્ગદર્શન હેઠળ આ ટુર્નામેન્ટનું સફળ આયોજન થયું હતું. રેલવે તરફથી પૂર્વ રણજી ટ્રોફી ખેલાડી અને રેલ કર્મચારી સેન્દિલ નાટકણ, પ્રતીક મહેતા, હાર્દિક રાઠોડ અને મીત ગોસ્વામીએ મહત્વનું યોગદાન આપ્યું હતું. આ અવસરે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, રાજકોટના અધ્યક્ષા શ મુકેશી મીના અને તેમની ટીમ, વરિષ્ઠ ડિવિઝન વાણિજ્ય પ્રબંધક સુનીલ કુમાર મીના, સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (કો-ઓર્ડિનેશન) નરેન્દ્ર સિંહ, ચીફ પ્રોજેક્ટ મેનેજર (ગતિ શક્તિ) સુધીર દુબે, ડિવિઝન સુરક્ષા કમિશનર કમલેશ્વર સિંહ, વિવિધ વિભાગોના અધિકારીઓ, ટ્રેડ યુનિયનના હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં ખેલાડીઓ અને રેલકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોબાઈલમાં ગુમ થતું બાળપણ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

**નીલમ.પી.મોહિનાણી**

આજના ડિજિટલ યુગમાં, મોબાઈલ ફોન દરેકના જીવનનો અગત્યનો ભાગ બની ગયો છે. પરંતુ સૌથી વધુ અસર જો કોઈ પર પડી રહી છે, તો તે છે - આપણા બાળકો પર. ''આજના બાળકો અને મોબાઈલ'' હવે માત્ર એક વિષય નથી, પરંતુ એક ચિંતાનો વિષય બની ગયો છે.

એક સમય હતો જ્યારે બાળકો મેદાનમાં રમતા, મિત્રો સાથે હસતા-રમતા અને કુદરત સાથે જોડાયેલા રહેતા. પરંતુ આજે તે જ બાળકો મોબાઈલની સ્ક્રીનમાં ગુમ થઈ ગયા છે. રમકડાંની જગ્યાએ હવે મોબાઈલ ગેમ્સ અને વિડિઓએ લઈ લીધી છે.

માતા-પિતા વ્યસ્ત જીવનમાં ઘણીવાર બાળકોને શાંત રાખવા માટે મોબાઈલ આપી દે છે, પરંતુ ધીમે ધીમે આ એક લત બની જાય છે. બાળક કલાકો સુધી સ્ક્રીન સામે બેસી રહે છે, જે તેના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

આંખોની કમજોરી, ઊંઘમાં ઘટાડો, એકલતા અને અભ્યાસમાં રસ ઘટવો જેવી સમસ્યાઓ આજે સામાન્ય બની ગઈ છે. મોબાઈલના અતિરેક ઉપયોગથી બાળકોનું બાળપણ ક્યાંક ખોવાઈ રહ્યું છે.

જો કે, મોબાઈલનો યોગ્ય ઉપયોગ શિક્ષણ માટે લાભદાયક બની શકે છે. પરંતુ જરૂરી છે કે માતા-પિતા બાળકોને સમયની મર્યાદા શીખવે અને તેમને બહાર રમવા, પુસ્તકો વાંચવા અને પરિવાર સાથે સમય પસાર કરવા પ્રોત્સાહિત કરે.

અંતમાં, એક સવાલ દરેક માતા-પિતાએ પોતાને પૂછવો જોઈએ - શું આપણે બાળકોને ટેકનોલોજી આપી રહ્યા છીએ કે તેમના બાળપણને ગુમાવી રહ્યા છીએ?

# મોરબીના જુના ઘુંટુ રોડ ઉપરથી વિદેશી દારૂના બે ચપલા સાથે એક ઈસમની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથક ટીમ જુના ઘુંટુ રોડ ઉપર પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન કનૈયા પાન નજીક શંકાસ્પદ હાલત-માં થેલી લઈને ઉભેલ ઈસમને રોકી તલાસી લેતા, થેલીમાંથી વિદેશી દારૂ ગ્રીન લેબલ વ્હિસ્કીની ૧૮૦મીલી.ની ૨ નંગ બોટલ મળી આવી હતી. જેથી આરોપી કીર્તિભાઈ જયંતીભાઈ વરાણીયા ઉવ.૨૩ રહે. ત્રાજપર ખારી મોરબી-૨ વાળાની સ્થળ ઉપરથી અટકાયત કરી તેની વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### જૈનોની ચૈત્ર માસની આયંબિલ ઓળી..

# સ્થાનકવાસી કાલથી તથા મૂર્તિપૂજક સમાજ બુધવારથી આયંબિલ તપ આરાધનાનો શુભારંભ કરશે

### ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ તા.૩૧ મંગળવારે ઊજવવામાં આવશેઃ નવ દિવસ સુધી આયંબિલ ભવનો તપસ્વીઓથી ગૂંજી અને ગાજી ઊઠશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**સંકલન : મનોજ ડેલીવાળા**

સ્થાનકવાસી સમાજ ૨૪/૩/૨૦૨૬ મંગળવારથી તથા મૂર્તિપૂજક સમુદાય બુધવારથી આયંબિલ તપ આરાધનાનો શુભારંભ કરશે. નવ દિવસ સુધી તપ આરાધકો હર્ષોલ્લાસપૂર્વક આયંબિલ તપનો પ્રારંભ કરશે.આ તપમાં માત્ર એક જ વખત એક જ જગ્યાએ બેસીને લુખ્ખુ - સુકુ,વિગય રહિત એટલે કે તેલ,ઘી,દુધ,દહીં, ગોળ,સાકર વગરનો રસ અને સ્વાદ રહિતનો આહાર કરવાનો હોય છે તથા અચેત પાણીનો ઉપયોગ કરવાનો હોય છે.

સ્વાદ ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે જ આયંબિલ તપની આરાધના કરવાની હોય છે.

આધ્યાત્મિક દ્રષ્ટિએ તો તપ શ્રેષ્ઠ છે પરંતુ આયુર્વેદીક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ આયંબિલ તપને આરોગ્ય માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.તેલ - ઘી રહિતનો આહાર વાપરવાથી લીવરને રાહત મળે છે,શરીર અને મન બંને પ્રસન્ન રહે છે,જે સાધનામાં સહાયક બને છે. મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે આ પર્વ વર્ષમાં બે વાર ચૈત્ર તથા આસો માસમાં આવે છે.

આ બે મહિના ઋતુઓની સંધિકાળના મહિના હોવાના કારણે વાત્ત,પિત્ત અને કફનો પ્રકોપ શરીરને અસ્વસ્થ કરે છે,તેથી આ દિવસોમાં તપ કરવાથી રોગ પ્રતિકારક શક્તિ વધે છે તેથી જ તમામ દર્દનું ઔષધ તપને ગણવામાં આવે છે. ધર્મની દ્રષ્ટિએ તપ એ નિર્જરા માટેનું ઉત્તમોત્તમ સાધન છે. શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્ર અધ્યયન ૩૦ માં પ્રભુ મહાવીરે કહ્યું કે.. '' ભવકોડિસંચિયં કમ્મં ,તવસા નિજ્જરિજ્જઈ '' એટલે કે કરોડો ભવોના બાંધેલા કર્મો તપ કરવાથી નિર્જરી અને ખરી જાય છે.

આયંબિલ ઓળીમાં નવ દિવસ સુધી નમો અરિહંતાણ પદથી લઇ નમો લોએ સવ્વસાહૂણં સાથે સમ્યક્ દર્શન,જ્ઞાન,ચારિત્ર અને તપ સહિત નવ પદની આરાધના કરવાની હોય છે.ગ્રંથોમાં આ તપનું મહીમા વર્ણવતાં અનેક પ્રેરક દ્રષ્ટાંતો આવે છે,જેમાં શ્રીપાલ અને મયણાનું દ્રષ્ટાંત સુપ્રચલિત છે. આયંબિલ તપ કરવાથી શ્રીપાલની કાયા કંચનવર્ણી બની જાય છે,તેમાં શ્રદ્ધા સાથે વૈજ્ઞાનિક કારણ પણ રહેલું છે..!

તામલી તાપસ અને સુંદરીએ પણ દીર્ઘ કાલીન સુધી આ તપની આરાધના કરેલી.આયંબિલ તપની તાકાત એટલી જબરદસ્ત છે કે તપના પ્રભાવથી ભરત ચક્રવર્તીના સુંદરી પ્રત્યેના દુષ્ટ ભાવોમાં પરિવર્તન આવી ગયેલ. કહેવાય છે તપથી લોહી શુદ્ધ થાય છે,લાલ રક્ત કણો વધે છે,ચામડી તેજસ્વી બને છે.પ્રોફેસર જોસેફ હેરેલ્દ જણાવે છે કે પેટના મોટાભાગના દર્દોમાં તપ શ્રેષ્ઠ છે.ડૉ. શેલ્ટન કહે છે કે સૃષ્ટિના જીવોમાં માત્ર મનુષ્ય એવું પ્રાણી છે કે જે બીમારીમાં પણ ખા ખા કરે છે. જયારે પ્રાણીઓ બિમાર પડે ત્યારે સૌ પ્રથમ ખાવાનું છોડી દે છે. મિસ શર્મને ટાંકેલુ છે કે અનેક લોકો વગર ભૂખે ખા ખા કરે છે...!!!

સળંગ નવ દિવસ આયંબિલ થઇ શકતી હોય તો તે શ્રેષ્ઠ છે,પરંતુ કોઇ કારણોસર શક્ય ન હોય તો છૂટક - છૂટક પણ આયંબિલ કરી શકાય છે જેનાથી જીવાત્મામાં તપના સંસ્કાર આવે છે.અમુક આત્માઓ નવ દિવસ મૌન સાથે પણ આયંબિલ તપની આરાધના કરતાં હોય છે.

# માવઠાની ઘાત ટળી, હવે ગરમી અકળાવશે

### ૨૪ કલાકમાં તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો નોંધાશે, રાજકોટ સૌથી ગરમ




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યમાં આગામી દિવસોમાં કમોસમી વરસાદની શક્યતા નહીવત છે. ત્રણ દિવસ કમોસમી વરસાદ થયા બાદ વાતાવરણમાં ફરી પલટો આવશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૨૪ કલાકમાં તાપમાનમાં ફરી વધારો નોંધાશે. આવતીકાલથી રાજ્યના તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો નોંધાઈ શકે છે. તાપમાનમાં વધારો થતા રાજ્યમાં ગરમીમાં પણ વધારો નોંધાશે. અત્યારે પશ્ચિમ રાજસ્થાનમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે, પરંતુ તેની ગુજરાત પર કોઈ ખાસ અસર જોવા મળશે નહીં.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, આગામી ૨૪ કલાકમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો નોંધાશે. આગામી સાત દિવસ સુધી વાતાવરણ સૂકું રહેશે. જે બાદ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે તો વાતાવરણમાં બદલાવ જોવા મળશે. ઉત્તર પશ્ચિમથી ૧૫થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા તાપમાનની વાત કરવામાં આવે તો અમદાવાદમાં ૩૬ ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં ૩૫.૮ ડિગ્રી સેલ્સિયસ, ભાવનગરમાં ૩૪.૯ ડિગ્રી સેલ્સિયસ, ભુજમાં ૩૫.૭ ડિગ્રી સેલ્સિયસ, દાહોદમાં ૩૩.૭ ડિગ્રી સેલ્સિયસ, દમણમાં ૩૨.૨ ડિગ્રી સેલ્સિયસ, ડાંગમાં ૩૫.૨ ડિગ્રી સેલ્સિયસ, ડીસામાં ૩૫.૩ ડિગ્રી સેલ્સિયસ, દીવમાં ૩૪.૧ ડિગ્રી સેલ્સિયસ, દ્વારકામાં ૨૮ ડિગ્રી સેલ્સિયસ, ગાંધીનગરમાં ૩૫.૪ ડિગ્રી સેલ્સિયસ, કંડલામાં ૩.૫ ડિગ્રી સેલ્સિયસ, નલિયામાં ૩૩.૨ ડિગ્રી સેલ્સિયસ, ઓખામાં ૩૦.૮ ડિગ્રી સેલ્સિયસ, પોરબંદરમાં ૩૩.૩ ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં ૩૬.૫ ડિગ્રી સેલ્સિયસ, સુરતમાં ૩૫.૫ ડિગ્રી સેલ્સિયસ, વેરાવળમાં ૩૩.૮ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

# સ્વાદ અને સ્વાસ્થ્યનો અનોખો સંગમ : મિલેટ મહોત્સવ

### મુલાકાતીઓએ મિલેટ સૂપ, સલાડ, ભેળ, પીઝા, રાગીના પરોઠા, મહિકાના પુડલા જેવી વાનગીઓની મોજ માણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખન : માર્ગી મહેતા**

રાજકોટની જનતાએ તાજેતરમાં સ્વાદ અને સ્વાસ્થ્યના અનોખા સંગમ સમાન મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટનો લહાવો લીધો હતો. ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આયોજિત બે દિવસીય મિલેટ મહોત્સવે બેઠાડું જીવનશૈલી વચ્ચે 'આહાર એ જ ઔષધ'ના મંત્રને લોકો સુધી પહોંચાડ્યો હતો.

રાજકોટ જિલ્લા ખેતીવાડી કચેરી આયોજિત આ મેળામાં કુલ ૫૫ સ્ટોલ્સમાં મિલેટ પ્રોડક્ટ્સ અને કેમિકલમુક્ત કૃષિ પેદાશોનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવ્યું હતું. શહેરીજનોએ અહીં આધુનિક વાનગીઓમાં મિલેટના સમાવેશને ઉત્સાહભેર વધાવી લીધો હતો. આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ મિલેટમાંથી બનેલી સ્વાદિષ્ટ વાનગીઓ રહી હતી, જેણે સાબિત કર્યું કે પૌષ્ટિક આહાર પણ જીભને ચટાકેદાર લાગી શકે છે.



મુલાકાતીઓએ મિલેટ સૂપ, સલાડ અને બાજરી-જુવારના મમરાની ભેળથી માંડીને રાગી-જુવારમાંથી બનેલા હેલ્ધી પીઝા, સૂજીના નુડલ્સ, રાગીના પરોઠા, મહિકાના પુડલા જેવી વાનગીઓની મોજ માણી હતી. આ ઉપરાંત, ઓર્ગેનિક આઈસ્ક્રીમ અને પરંપરાગત મુખવાસ જેવી વસ્તુઓ લોકોને પસંદ આવી હતી. આ આયોજનનો મૂળ હેતુ ફાસ્ટ ફૂડના યુગમાં લોકોને ફરીથી જૂના અને પૌષ્ટિક ધાન્યો તરફ વાળવાનો હતો.

# વાંકાનેરમાં ૫૬ વર્ષીય પ્રૌઢનું હાર્ટએટેકથી કરૂણ મૃત્યુ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના મહાદેવનગર વિસ્તારમાં રહેણાંક મકાનમાં ૫૬ વર્ષીય પ્રૌઢને અચાનક હૃદય રોગનો હુમલો આવતા તેમનું મોત થયું હતું. ત્યારે અકાળે મૃત્યુને કારણે મૃતકના પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. વાંકાનેર શહેરના કિશાન સોસાયટી મહાદેવનગર વિસ્તારમાં રહેતા મૂળ વઘાસીયા ગામ તા.વાંકાનેરના વતની કિશોરસિંહ બનેસિંહ ઝાલા ઉવ.૫૬ને ગઈકાલ તા.૨૨/૦૩ના રોજ તેઓ તેમના ઘરે હોય તે દરમિયાન અચાનક જોરદાર હાર્ટ એટેકના કારણે તેમનું કરૂણ મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ થતા પરિવારજનો દ્વારા તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં હાજર ડોક્ટરે જોઈ તપાસી કિશોરસિંહને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે વાંકાનેર સીટી પોલીસે અ.મોતની નોંધ કતી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાતના ૨૦૭ ડેમમાં જળસંગ્રહણ ૨૭% ઘટી ૬૯% પહોંચ્યું

### સૌરાષ્ટ્ર-કચ્છના ડેમમાં ૨૫ ટકાથી ઓછું પાણી : સરદાર સરોવરમાં હાલ ૭૩ ટકા સંગ્રહ




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં ગત ચોમાસામાં સામાન્યથી અતિ વધારે વરસાદના લીધે ચોમાસા અને દિવાળી પછી છેક માગસર મહિનામાં ૨૧મી નવેમ્બરની સ્થિતિએ સૌરાષ્ટ્રમાં ૯૦ ટકા સહિત રાજ્યના એકંદરે ૯૬ ટકાનો જળસંગ્રહ હતો, શિયાળાના ચાર માસના અંતે અને ઉનાળાની શરૂઆત સુધીના ચાર માસમાં જ ૨૭ ટકાનો અને સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમોમાં ૩૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. હાલ રાજ્યમાં એકંદરે ૬૮.૯૬ ટકા અને સૌરાષ્ટ્રમાં માત્ર ૫૪.૭૫ ટકા સ્ટોરેજ છે.

પાણીની માંગ ઉનાળામાં શિયાળા કરતા દર વર્ષે નોંધપાત્ર વધતી રહી છે, ત્યારે આજની સ્થિતિએ રાજ્યના કુલ ૨૦૭ ડેમોમાંથી ૪૬ ડેમો જે મુખ્યત્વે સૌરાષ્ટ્ર-કચ્છના જ છે તેમાં ૨૫ ટકાથી ઓછું પાણી છે. જે પૈકીના ૧૮ ડેમોમાં ૧૦ ટકાથી ઓછું અને તેમાં પણ સૌરાષ્ટ્રના સાની (જામકલ્યાણપુર), ઉંડ-૨ (ધ્રોલ), મોરશલ (ચોટીલા), કૈલા (ભૂજ), પ્રેમપરા (વિસાવદર), અમીપુર અને સરણ (કુતિયાણા) એમ ૭ ડેમોમાં ઝીરો સ્ટોરેજ અર્થાત્ મેદાનમાં ફેરવાયા છે.

જિલ્લાવાઈઝ જળાશયોની સ્થિતિ મૂજબ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, પોરબંદર મૌરબી, જામનગરના જળાશયોમાં અર્ધા ભરેલા અને અર્ધા ખાલી, જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તો માત્ર ૨૦ ટકા સંગ્રહ અર્થાત્? ૮૦ ટકા ખાલી છે. ગુજરાતના અન્ય વિસ્તારોમાં નવસારી, સુરત, ખેડા અને બનાસકાંઠા જિલ્લામાં ૫૦ ટકાથી ઓછી સંગ્રહ છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ જેવા વિસ લાખની વસ્તીવાળા મહાનગરથી શહેરો ગામો દૈનિક પાણી વિતરણ માટે પણ નર્મદાના નીર ઉપર આધારિત છે.

સરદાર સરોવરમાં હાલ ૭૩ ટકા સંગ્રહ છે જે ચાર માસ પૂર્વે ૯૬ ટકાથી વધારે હતો. ઉલ્લેખનીય છે કે નર્મદા ડેમ સુહિત લગભગ તમામ જળાશયો ગત ચોમાસે (૧૦૦ ટકા સંગ્રહ) છલોછલ થયા હતા. પરંતુ દર ચોમાસે માંગ્યાથી મેહ વરસાવવા તેવો કુદરતનો નિયમ નથી. હવે ક્લાઈમેટ ચેન્જ થયું છે, ત્યારે સ્થાનિક કૂવા, બોર, તળાવ, નદીની ઉપેક્ષાઅને જળવ્યય જોખમી નિવડી શકે તેમ છે.

# ગુજરાતમાં નાણાનાં અભાવે વિકાસનું કોઇપણ કાર્ય અટકતુ નથી : મુખ્યમંત્રી

### મુખ્યમંત્રીનાં હસ્તે અમરેલી જીલ્લાના ૬૮૧.૭૮ કરોડના ૧૪ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને ૨૫.૨૩ કરોડના ૧૦ વિકાસ કામોનું લોકાર્પણ સંપન્ન

**મુખ્ય સમાચાર, અમરેલી**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમરેલી જિલ્લાની આંતરમાળખાકીય સુવિધાઓને વેગ આપતા અને જન સુખાકારીના રૂપિયા ૭૦૦ થી વધુ કરોડના ૨૪ વિકાસ કાર્યોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કર્યું હતું.

ખેડૂતોના ઉત્પાદનોના રક્ષણ માટે રૂપિયા ૧૨ કરોડના ખર્ચે બે લાખ ચોરસ ફૂટમાં નિર્મિત વિરાટ શેડનું તકતી અનાવરણ કરી લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લાના વિકાસ માટે રાજ્ય સરકાર ઉદાર હાથે જોઈએ તેટલા નાણા આપશે.

ગુજરાતમાં નાણાંના અભાવે વિકાસનું કોઈ પણ કાર્ય અટકતું નથી. મુખ્યમંત્રીએ વિકાસ કાર્યોને જમીન પર ઉતારવા માટે સરકાર સંપૂર્ણ મદદ માટે પ્રતિબધ્ધ છે, સાથે જ તેમણે વિકાસ કાર્યો માટે જન પ્રતિનિધિઓમાં રહેલા ઉત્સાહને વધાવ્યો હતો. અમરેલી જિલ્લાના લોકો પાણી માટેની મુશ્કેલીઓની પરિસ્થિતિને સારી રીતે અવગત છે, આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્બોધન કરતા ઊર્જા અને કાયદો મંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અમરેલી જિલ્લાને ઉદાર હાથે વિકાસકાર્યોની ભેટ આપવામાં આવી છે. મુખ્યમંત્રીએ અમરેલી રીવરફ્રન્ટ માટે રૂપિયા ૫૦ કરોડના આયોજન સામે વધુ થતા ખર્ચને મંજૂર કરી રૂપિયા ૭૦ કરોડની મંજૂરી આપી છે.

અમરેલીમાં મુખ્યમંત્રીએ આપેલા વિકાસકાર્યોની ભેટ થકી આગામી સમયમાં લાઠી રોડ, રેલવે ફાટક પર રૂ. ૯૫ કરોડના ખર્ચે ઓવરબ્રીજ તૈયાર થશે. બાબાપુર માર્ગે રૂ. ૩૫ કરોડના ખર્ચે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ તૈયાર થવાની છે. વડિયા શહેર અને તાલુકાને પ્રથમ વિજ્ઞાન કોલેજની સુવિધા મળી છે. યુવાનો માટે રૂ.૨૫ કરોડના ખર્ચે વિજ્ઞાન કેન્દ્ર અને રૂ. ૧૬ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ તૈયાર થઈ રહ્યા છે.



ગત બજેટમાં લાઈબ્રેરી માટે રૂ. ૧૫ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. તાજેતરમાં જ વરસડા ખાતે રૂ. ૩૫ કરોડના ખર્ચે પાણી પુરવઠાના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. થોડા સમય અગાઉ રાજ્યમાં થયેલા કમોસમી વરસાદના પગલે મુખ્યમંત્રીએ તાત્કાલિક ખેડૂતો માટે રૂ. ૧૦,૦૦૦ કરોડનું પેકેજ જાહેર કરી અને તાત્કાલિ સહાયતા જમા કરાવી હતી.

અમરેલી એ.પી.એમ.સી. પધારેલા નિકોલના ધારા-સભ્ય જગદિશ વિશ્વકર્માએ વણથંભી વિકાસયાત્રા પૈકી સૌરાષ્ટ્રની પાયાની સમસ્યા પાણી અને સિંચાઈના વિકાસી ગાથા વર્ણવી હતી.

આ પ્રસંગે અમરેલી ખાતે નિકોલના ધારાસભ્ય જગદિશ વિશ્વકર્માનું ટીમ અમરેલી વતી ૧,૧૧,૧૧૧ નોટબૂકથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે મુખ્યમંત્રી અને મહાનુભાવોએ દિવ્યાંજનોને ઈ-ટ્રાઈસીકલ અર્પણ કરી અને પ્રસ્થાન કરાવ્યું હતું.

મુખ્યમંત્રીના આગમન પૂર્વે સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને સહકારી અગ્રણી પી.પી. સોજીત્રાએ પ્રસંગિક સંબોધન કર્યું હતું. તેમજ અંતમાં જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

# રાજકોટને ઉનાળામાં પણ ઈન્ટરનેશનલ ફ્લાઈટ ન મળી




### સમર શેડ્યૂલમાં મુંબઈની ૭, દિલ્હીની ૪, હૈદરાબાદ, બેંગ્લોર, પુણેની ૧- ૧ ફ્લાઈટ ઉડાન ભરશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ - અમદાવાદ હાઈવે પર ચોટીલા પાસે આવેલા હીરાસરમાં સ્થિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી ૨૯ માર્ચથી ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી ઉડાન ભરનારી ફ્લાઈટનું સમર શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં મુંબઈની ૭, દિલ્હીની ૪, હૈદરાબાદ, બેંગ્લોર, પુણેની ૧- ૧ ફ્લાઈટ ઉડાન ભરશે. જોકે ઉનાળામાં પણ રાજકોટને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટના મળતા સૌરાષ્ટ્રવાસીઓમાં નિરાશા ફેલાઈ છે. રાજકોટ એરપોર્ટ ડાયરેક્ટર દિગંત બોરાહે જણાવ્યુ હતુ કે, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા દેશભરના તમામ એરપોર્ટ પરથી ઉનાળામાં ઉડાન ભરનારી ફ્લાઈટનું સમર શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી મુંબઈ જવા માટે ૫ તો નવી મુંબઈ માટેની નવી ૨ ફ્લાઈટ શરૂ થવાની છે. આ ઉપરાંત દિલ્હીની ૪, હૈદરાબાદ અને બેંગ્લોરની ૧- ૧ ફ્લાઈટ ડેઈલી ઉડાન ભરશે. જ્યારે પુણેની ફ્લાઈટ અઠવાડિયામાં ચાર વખત ઉડાન ભરશે. જ્યારે ઈન્ડિગો એર લાઈન્સની ગોવાની ફ્લાઈટ બંધ થઈ છે. જે બાબતે એરલાઈન્સના સૂત્રોના જણાવ્યા પ્રમાણે એક મહિના બાદ રાજકોટથી ગોવા જવા માટેની ફ્લાઈટ શરૂ થઈ જશે એટલે કે એપ્રિલ અંતથી આ ફ્લાઈટ શરૂ થશે.

# જુના નાગડાવાસ ગામે વાડીની ઓરડી બહાર પાર્ક કરેલ ખેતશ્રમિકના બાઈકની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના જુના નાગડાવાસ ગામની સીમમાં આવેલ વાડીની ઓરડી બહાર પાર્ક કરેલ ખેત શ્રમિકને મોટર સાયકલની કોઈ અજાણ્યા ઈસમ દ્વારા ચોરી કરી લઈ ગયા અંગે મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે, હાલ પોલીસે આરોપી અજાણ્યા વાહન ચોર વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, મૂળ એમપીના દેહરી ચોકીદાર ફળીયુ ગામના વતની હાલ મોરબી તાલુકાના જુના નાગડાવાસ ગામે મોહનભાઈ મિયાત્રાની વાડીએ રહી ખેત મજૂરી કરતા ઈસમાલ બચેલા સંગડીયા ઉવ.૩૫ ગઈ તા.૧૮/૦૩ના રોજ પરિવાર સાથે ખેતરમાં જીરું ઉઓળવાનું કામ કરતા હતા, ત્યારે તેમનું સ્પ્લેન્ડર પ્લસ રજી.નં. એમપી-૬૯-ઝેડસી-૯૭૯૨ વાળું મોટરસાયકલ વાડીની ઓરડી પાસે પાર્ક કર્યું હતું. જે બાદ બીજે દિવસે તા.૧૯/૦૩ના રોજ વહેલી સવારે ઉપરોક્ત બાઈક ત્યાંથી કોઈ વાહન ચોર ઈસમો દ્વારા ચોરી કરી લઈ ગયાનું સામે આવ્યું હતું. હાલ તાલુકા પોલીસે આરોપી અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તજવીજ શરૂ કરી છે.

# સંતકબીર રોડ પર બુટલેગરના મકાનમાંથી રૂ.૨૯ લાખનો મોંઘોદાટ વિદેશી દારૂ પકડાયો

### ક્રાઇમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે દરોડો પાડી બુટલેગરની કરી ધરપકડ : સપ્લાયર બે શખ્સોની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ ઉપર હોવાનું વધુ એકવાર પુરવાર થયું છે. રાજકોટ શહેરના સામાકાંઠે આવેલા સંતકબીર રોડ પર શક્તિ સોસાયટીમાં રહેતા બુટલેગરના રહેણાંક મકાનમાં ક્રાઇમ બ્રાન્ચની ટીમે દરોડો પાડી રૂ.૨૯ લાખની કિંમતનો મોંઘોદાટ વિદેશી દારૂનો જથ્થો કબ્જે કરતા બુટલેગર આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ અંગેની માહિતી મુજબ ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવની સુચનાથી પીએસઆઇ ડી.પી.ઝાલા, કોન્સ. મનીષભાઇ ચાવડા, ધર્મરાજસિંહ રાણા અને દિપકભાઇ ડાંગર સહિતનો સ્ટાફ સામાકાંઠે




પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, સંતકબીર રોડ પર આવેલ શક્તિ સોસાયટીમાં બુટલેગરે મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડયો હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા રાહુલ જગદીશ પરમાર (રહે.ભવાનીનગર, શેરી નં.૩/૨, ભરત ચૌહાણના મકાનમાં, રામનાથપરા પોલીસ લાઇન પાસે) મળી આવતા પોલીસે તેને અટકાયતમાં લઇ મકાનની તલાસી લેતા ડીવાર્સ બ્લેન્ડર સ્કોચ ૨૪ નંગ, જેમસન ૬૦ નંગ, ૧૦૦ પાઇપલ ૪૫ નંગ, વિસ્ટર લેન્ડ બેરલ ૪૮ નંગ, બ્લેક એન્ડ વાઇટ ૬૦ નંગ, જોનીહોકર બ્લેન્ડર સ્કોચ ૮૪ નંગ, જોનીવોકર રેડ રેબલ ૨૦૪ નંગ, જેએન્ડબી રેપ બ્લેન્ડર સ્કોચ ૩૬ નંગ, બેલેન્ટાઇન ૧૮૦ નંગ, બ્લેન્ડર સ્પ્રાઇડ ૪૮ નંગ, એપસ્યુલુટ વોડકા ૭૨ નંગ, એપસ્યુલુટ ફલેવર વોડકા ૩૬ નંગ, બોહો પ્રીમીયમ બ્લેન્ડર ૨૪ નંગ, સીગ્નેચર ૧૨ નંગ મળી કુલ નંગ ૯૩૬ કિંમત રૂ.૨૯ લાખનો જથ્થો મળી આવતા પોલીસે રાહુલ પરમારની ધરપકડ કરી આકરી પુછપરછ કરતા દારૂનો જથ્થો યશ ઉર્ફે કાનો કલ્પેશ ઠાકર (રહે.સિલ્વર બેકરીની બાજુમાં, કોઠારીયા રોડ) અને કરણ પટેલ (રહે.પટેલનગર, સોરઠીયાવાડી સર્કલ, ૫૦ ફૂટ રોડ) નામના બન્ને બુટલેગરોનો જથ્થો હોવાની કબુલાત આપતા પોલીસે આ બન્ને શખ્સોની શોધખોળ આદરી છે.

# શ્રીનાથજી સોસાયટીમાં ધો.૧૨નું એક પેપર નબળું જતાં તરુણનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મવડી પ્લોટ પાસે શ્રીનાથજી સોસાયટીમાં રહેતા ધો.૧૨ના વિદ્યાર્થી તરૂણે પોતાના ઘેર ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. એકના એક પુત્રના મોતથી પરીવારમાં કલ્પાંત સર્જાયો છે. બનાવને પગલે માલવીયા નગર પોલીસે તપાસ કરતા ધો. ૧૨ના વિદ્યાર્થીએ પરીક્ષામાં પેપર નબળુ જતા આ પગલુ ભરી લીધાનુ બહાર આવતા વિશેષ કાર્યવાહી કરી છે. બનાવ અંગે ની માહિતી મુજબ શ્રીનાથજી સોસાયટીમાં રહેતો મીત મનોજભાઈ માવલા (ઉ.૧૭) નામના તરૂણે પોતાના ઘેર ગેસ લાઈનમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવને પગલે બહારથી ઘેર આવેલી માતાએ પુત્રને



લટકતો જોઈ દેકારો કરતા પાડોશના લોકોએ દોડી આવી તરૂણને ઉતારી સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડાયો હતો જેનુ સારવાર મળે તે પહેલા જ મોત નિપજયુ હતુ. બનાવની જાણ થતા માલવીયા નગર પોલીસ મથકના જમાદાર વિપુલભાઈ સહિતના સ્ટાફે હોસ્પીટલે પહોંચી તપાસ હાથ ધરી હતી.

પોલીસની તપાસમાં મીત ધો.૧૨માં અભ્યાસ કરતો હતો અને તેના પિતા રિક્ષા ચલાવી પરીવારનું ગુજરાન ચલાવતા હતા અને તેની માતા પારકા ઘરકામ કરતા હોવાનુ પરીવારે જણાવ્યુ હતુ. પોલીસની વધુ પુછ્તાછમાં તાજેતરમાં ધો.૧૨ની પરીક્ષામાં એક પેપર નબળુ જતા મીત ગુમસુમ રહેતો હોય પગલુ ભરી લીધાનું જણાવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

# પેટ્રોલ-ડિઝલની સપ્લાયમાં કાપ આવતા રાજકોટમાં પેટ્રોલ પંપ બંધ

### યુધ્ધ વચ્ચે પેટ્રોલ - ડિઝલની સપ્લાય ચેનમાં મૂશ્કેલી એસોસિએશનની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના અધિકારીઓને રજૂઆત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મધ્ય પૂર્વમાં અમેરિકા-ઇઝરાયેલ તથા ઇરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુધ્ધમાં હજુ વધુ ભયાનક વળાંક આવવાના એંધાણ વચ્ચે પેટ્રોલીયમ મોરચે ચિંતા વધી રહી છે તેવા સમયે રાજકોટ-સૌરાષ્ટ્રમાં તેલ કંપનીઓએ પેટ્રોલના ક્વોટામાં કાપ મુકી દેતાં અને સપ્લાય ધીમી કરી નાખતા અછતની ચર્ચાએ જોર પકડયું છે.

છેલ્લા કેટલાક સમયથી ક્રુડ તેલની સપ્લાય ઓછી થઇ જતા તેનો માર સામાન્ય જનતા પર પડી રહ્યો છે. ખાસ કરીને રાજકોટમાં પણ ન્યારા કંપની દ્વારા તેના પેટ્રોલ પંપ પર પુરતી ઓઇલ સપ્લાય ન મળવાને કારણે




તસવીર : ગૌરવ લશ્કરી



હાલ પેટ્રોલ પંપ બંધ રાખવાની ફરજ પડી છે.

પેટ્રોલ પંપ સંચાલકો તાબડતોડ તેલ કંપનીઓ સાથે મીટીંગ કરવા દોડ્યા હતા અને વિવિધ રજૂઆત કરી હતી. જો કે હાલ તૂર્ત પેટ્રોલ-ડિઝલમાં કોઇ અછત નથી અને મોટાભાગના પંપોમાં પુરવઠો આપવામાં આવી જ રહ્યો છે છતાં શિડ્યુલમાં સંભવિત ફેરફાર થાય તો ચિંતાની હાલત ઉભી થઇ શકે તેમ છે.

પેટ્રોલ પંપ સંચાલકોના સુત્રોએ જણાવ્યું હતું કે છેલ્લા બે દિવસ દરમિયાન તેલ કંપનીઓ દ્વારા પેટ્રોલ પંપોને કરાતી સપ્લાય ધીમી કરી દેવામાં આવી છે. એક દિવસે ટેન્કર આવતું તેના બદલે બે કે ત્રણ દિવસ થવા લાગ્યા છે.

તેના કારણે સંભવિત અછતની સ્થિતિ રોકવા માટે સંચાલકો દ્વારા તેલ કંપનીઓ દ્વારા મીટીંગ કરવામાં આવી હતી અને વિવિધ મુદ્દાઓ પર ધ્યાન દોરવામાં આવ્યું હતું. રાજકોટ પેટ્રોલ-ડિઝલ ડીલર એસો.ના પ્રમુખ ગોપાલ ચુડાસમાની આગેવાનીમાં તમામ પેટ્રોલ પંપ સંચાલકોએ આજે સવારે કંપની સાથે બેઠક કરી હતી.

શહેરના એક જાણીતા પેટ્રોલ પંપના સંચાલકે જણાવ્યું હતું કે બે દિવસથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો આવવાની અટકળો શરૂ થઇ છે અને જેના કારણે પેટ્રોલ પંપો વધુ ઓર્ડર કરવા લાગ્યા છે. તેના કારણે પણ કંપનીએ સપ્લાયમાં આંશિક બ્રેક મારી હોવાનું માનવામાં આવી રહ્યું છે. પેટ્રોલીયમ કંપનીઓ દ્વારા પેટ્રોલ કે ડિઝલમાં કોઇ ભાવ વધારો નહીં થવાનો દાવો કરવામાં આવી રહ્યો છે અને વધારાના ઓર્ડર નહીં મુકવા કહેવામાં આવી રહ્યું છે.

પરંતુ અછતની અટકળો અને ભાવ વધારાની શંકાના કારણે રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્રના ગ્રામ્ય સ્તરોએ ફરી એક વખત ઉપાડમાં મોટો વધારો થવા લાગ્યો છે અને તેને પેટ્રોલ પંપ સંચાલકો પણ ગંભીર ગણી રહ્યા છે. તેલ કંપનીઓ સાથેની મીટીંગમાં કેવા સંકેત આપવામાં આવે છે તેના પર નજર રાખવામાં આવી રહી છે.

# અનઅધિકૃત રીફિલિંગ અને ઉંચા ભાવે વેચાણ કરતા આરોપીઓ ઝડપાયા

### કાળાબજારીનો ભાંડાફોડ ગ્રામ્ય પોલીસની કાર્યવાહી: ૬૦૦ ગેસ સિલિન્ડર સાથે ગોડાઉન સીઝ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય પોલીસે એલપીજી ગેસ સિલિન્ડરની કાળા-બજારી સામે મોટી કાર્યવાહી હાથ ધરી છે. એસઓજી શાખાની ટીમે ગોંડલ તાલુકાના રીબડા ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલા સાંઇપેમ ગેસ એજન્સી પર દરોડો પાડી આશરે ૬૦૦ જેટલા નાના-મોટા ગેસ સિલિન્ડર સાથે આખું ગોડાઉન સીઝ કરી દીધું છે.

પોલીસને મળેલી બાતમીના આધારે ડમી ગ્રાહક મોકલી તપાસ કરતા સામે આવ્યું કે અહીં ગેસ સિલિન્ડરનું અનઅધિકૃત રીફિલિંગ કરવામાં આવતું હતું અને નિર્ધારિત




તસવીર : ગૌરવ લશ્કરી

બજારભાવ કરતા વધારે કિંમતે વેચાણ થતું હતું. આ પણ પાલન કરવામાં આવતું ન ઉપરાંત ફાયર સેફ્ટીના નિયમોનું હતું, જેના કારણે લોકોની જાનને જોખમ ઉભું થતું હતું. આ મામલે પોલીસે પંકજ મકવાણા, લખમણ ચાવડા, રામ ચાવડા અને રાકેશ અલગ-અલગ કુબાવત સહિત ચાર આરોપીઓને ઝડપી પાડયા છે, જયારે એજન્સીના સંચાલક સહિત કેટલાક આરોપીઓ હજુ ફરાર હોવાનું જાણવા મળ્યું છે. તપાસ દરમિયાન કંપનીઓના કુલ ૬૦૦થી વધુ ગેસ સિલિન્ડર, વાહનો અને સાધનો મળી કુલ અંદાજે ૧૬ લાખ રૂપિયાનું મદદરશ માલ જમ કરવામાં આવ્યું છે. પોલીસે આરોપીઓ સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, એક્સપ્લોઝિવ એક્ટ અને અન્ય સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કીટીપરામાં બે સગા ભાઇઓ પર પાડોશી પિતા-પુત્રનો છરી વડે હુમલો

### વારંવાર કેબલ કાપતા પાડોશીને ટોકવા જવું ભારે પડ્યું: બંને ભાઈ સિવિલમાં સારવાર હેઠળ, ગુનો નોંધવા તજવીજ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કીટીપરા આવાસ ક્વાર્ટરમાં કેબલનો વાયર કાપી પિતા-પુત્રએ બે સગા ભાઈઓ પર છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો.ઈજાગ્રસ્ત બંને ભાઈઓને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ અંગેની મળતી વિગતો મુજબ, કીટીપરા આવાસ ક્વાર્ટરમાં રહેતા જીતુભાઈ ભીખુભાઈ કંટોણીયા (ઉ.વ. ૪૭) અને તેમના પાડોશી નાનજીભાઈ કંટોસણીયા વચ્ચે કેબલ વાયર બાબતે અગાઉથી મનદુખ ચાલતું હતું. જીતુભાઈના પરિજનોના જણાવ્યા અનુસાર, નાનજીભાઈ અને તેમનો પુત્ર આકાશ અવારનવાર જીતુભાઈના કેબલનો વાયર કાપી નાખીને તેમને પરેશાન કરતા હતા. રવિવારે સવારે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ આરોપી આકાશે ફરી એકવાર કેબલનો વાયર કાપી નાખતા જીતુભાઈ આ બાબતે નાનજીભાઈને ફરિયાદ કરવા તેમના ઘરે ગયા હતા. આ દરમિયાન ઉશ્કેરાયેલા આકાશે તીક્ષ્ણ છરી વડે જીતુભાઈના માથાના ભાગે ઉપરાછાપરી ઘા ઝીં કી દીધા હતા. જીતુભાઈ લોહીલુહાણ હાલતમાં ઢળી પડતા તેમના પત્નીએ તુરંત જ તેમના દિયર અજીતભાઈ ભીખુભાઈ કંટોણીયા (ઉ.વ. ૪૫) ને ફોન કરીને જાણ કરી હતી. ભાઈ પર હુમલો થયો હોવાનું જાણી અજીતભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેઓ હજુ આ બાબતે પૂછપરછ કરી રહ્યા હતા ત્યારે જ આરોપી આકાશે પાછળથી અજીતભાઈના પૂંઠના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો. હુમલો કર્યા બાદ પિતા-પુત્ર બંને સ્થળ પરથી નાસી છૂટ્યા હતા.પરિવારજનોએ બંને ઈજાગ્રસ્ત ભાઈઓને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડયા હતા. ઘટનાની જાણકારી મળતા જ પ્રધુમનનગર પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે ઈજાગ્રસ્તોના નિવેદન લેવાની અને ફરાર આરોપી પિતા-પુત્ર વિરુદ્ધ ગુનો નોંધી તેમને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

# આણંદપર (બાધી) ગામે વાડીમાં જમીનમાં દાટેલો ૨૧.૬૦ લાખનો વિદેશી દારૂ પકડાયો

### પોલીસે તાડપત્રી હટાવતા જ જમીનમાં દાટેલી ૪૩૨૦ બોટલ દારૂ મળી આવ્યો : બુટેગરની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, નાયબ પોલીસ કમિશનર હેતલ પટેલ તથા મદદનીશ પોલીસ કમિશનર વી.બી. જાડેજા દ્વારા શહેરના વિસ્તારોમાંથી દારૂ અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ નાબૂદ કરવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે. આ અભિયાનના ભાગરૂપે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર બી.પી. રજયાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફના માણસો સતત પેટ્રોલિંગમાં હતા. આ દરમિયાન એ.એસ.આઈ. ખોડુભા વખતસિંહ જાડેજા, પોલીસ કોન્સ્ટેબલ ભાવેશભાઈ મકવાણા તથા કુશલભાઈ જોશીને સંયુક્ત રીતે એક સચોટ બાતમી મળી હતી કે આણંદપર (બામણી) ગામના તળાવ પાસે



આવેલી બીપીનચંદ્ર મેવજીભાઈ રાઠોડની માલિકીની વાડીમાં, જે હાલમાં મોન્ટુભાઈ નામના શખ્સે વાવવા માટે રાખી છે, ત્યાં વિદેશી દારૂનો મોટો જથ્થો છુપાવવામાં આવ્યો છે. આ ચોક્કસ બાતમીના આધારે કુવાડવા રોડ પોલીસે આણંદપર (બામણી) ગામની સીમમાં તળાવની દક્ષિણ દિશાએ આવેલી વાડીમાં દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન પોલીસે વાડીના એક ખૂણામાં તપાસ કરતા જમીનમાં મોટો ખાડો કરી તેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો છુપાવેલો મળી આવ્યો હતો. બૂટલેગરોએ દારૂને પકડાઈ જવાથી બચાવવા માટે ખાડાની ઉપર કાળા કલરની પ્લાસ્ટિકની તાડપત્રી ઢાંકી દીધી હતી જેથી કોઈને શંકા ન જાય. પોલીસે આ તાડપત્રી હટાવીને તપાસ કરતા તેમાંથી પએવરગ્રીન રિઝર્વ વ્હિસ્કીથની કુલ ૩૬૦ પેટીઓ મળી આવી હતી. આ પેટીઓમાં ૫૦૦ એમ.એલ.ની કુલ ૪૩૨૦ નંગ બોટલો હતી, જેની બજાર કિંમત આશરે ૨૧,૬૦,૦૦૦ જેટલી થાય છે. પોલીસે ઘટનાસ્થળેથી ૨૧.૬૦ લાખની કિંમતનો દારૂ અને ૩૦૦ની કિંમતની તાડપત્રી મળી કુલ ૨૧,૬૦,૩૦૦નો મુદ્દામાલ જમ કર્યો છે. જોકે, પોલીસના દરોડા દરમિયાન મુખ્ય આરોપી મોન્ટુભાઈ હાજર મળી આવ્યો ન હોવાથી પોલીસે તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવીને તપાસ તેજ કરી છે.

# ગોંડલમાં કથિત પત્રકારે મજૂર પાસેથી રૂ.૧૦ હજાર પડાવ્યા

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલના ભગવતપરા વિસ્તારમાં રહેતા અને માર્કેટિંગ યાર્ડમાં મજૂરી કરતા રાહુલભાઈ કિશોરભાઈ ચૌહાણે પૈસા લેનાર ધવલ ઉર્ફે ડી.કે. જેન્તીભાઈ રાણપરીયા નામના શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. બનાવની વિગત મુજબ, ગત શુક્રવારે રાત્રે રાહુલભાઈ અને તેમનો મિત્ર ધર્મેશભાઈ માર્કેટિંગ યાર્ડમાં બેઠા હતા, ત્યારે પોલીસ તેઓને દારૂ પીધેલી હાલતમાં હોવાની શંકાએ બી ડિવિઝન પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જોકે, રાહુલભાઈએ દારૂ ન પીધો હોવાથી તેમનો કેસ થયો ન હતો, પણ તેમના મિત્ર ધર્મેશ વિરુદ્ધ કાર્યવાહી ચાલી રહી હતી. આ દરમિયાન પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં જ હાજર રહેલા ધવલ ઉર્ફે ડી.કે. એ પોતાની ઓળખ પપત્રકારથ તરીકે આપી હતી. તેણે રાહુલભાઈને ધમકાવતા કહ્યું કે, તમારા સમાચાર પેપરમાં અને સોશિયલ મીડિયામાં



બદનામી સાથે છાપી દઈશ. જો બદનામી રોકવી હોય અને મિત્રને જલ્દી છોડાવવો હોય તો ૧૦,૦૦૦ રૂપિયાનો વહીવટ કરવો પડશે. સમાજ માં બદનામી થશે તેવા ડરના માર્યા મજૂર રાહુલભાઈએ તુરંત જ આરોપી ડી.કે. ના મોબાઈલ નંબર પર રૂ. ૧૦,૦૦૦ ગુગલ-પે દ્વારા ટ્રાન્સફર કરી દીધા હતા. બાદમાં જ્યારે રાહુલભાઈએ પૈસા પરત માંગ્યા, ત્યારે આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલમાં ગોંડલ પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૩૦૮(૫) અને ૩૫૧(૩) મુજબ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે આરોપીએ પત્રકારના નામે આ રીતે પૈસા પડાવ્યા છે.આ ઘટનાએ સમગ્ર પંથકમાં ચર્ચા જગાવી છે. શું પત્રકારત્વના ઓઠા હેઠળ આવા શખ્સો કાયદાના કમ્પાઉન્ડમાં જ નિર્દોષ લોકોને લૂંટતા રહેશે? તે એક મોટો સવાલ છે.

# ઈન્સ્ટાગ્રામ મારફતે પ્રેમજાળમાં ફસાવી સગીરા સાથે શખ્સે કરી બિભત્સ છેડછાડ

### પાંચ માસ પહેલા પરિચય થયો હતો,બાઈકમાં બેસાડી કૃત્ય આચર્યુ : સગીરાના પિતાની ફરિયાદ, આરોપી પારડીનો શખ્સ પોલીસના સકંજામાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં એક વિસ્તારમાં રહેતી સગીરાને ઈન્સ્ટાગ્રામ મારફતે પ્રેમજાળમાં ફસાવી બાઈકમાં બેસાડી અવાવરૂ સ્થળે લઈ જઈ શરીરે બિભત્સ છેડછાડ કર્યાની સગીરાના પિતાએ ફરીયાદ કરતા ભકિતનગર પોલીસે ગુનો નોધી પારડીના શખસને ઝડપી લઈ વિશેષ કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ઢેબર રોડ પર એક વિસ્તારમાં રહેતા સગીરાના પિતાએ ફરીયાદ કરી હતી જેમા આરાપી તરીકે પારડી ગામે રહેતો હિરેન ગૌસ્વામીનું નામ આપ્યુ હતુ. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે રવીવારે બપોરે તેની ૧૫ વર્ષની પુત્રી



કોઈ અજાણ્યા શખસના બાઈક ઉપર જતી હોવાની તેના ભત્રીજાએ ફોન કરી જાણ કરી હતી. જેથી તેને તેની પુત્રીની શોધખોળ કરી હતી. બાદમાં તેની પુત્રી ઘેર આવી જતા તેને સમજાવી તુછ્તાછ કરતા તેને પાંચેક માસ પુર્વે ઈન્સ્ટાગ્રામ મારફતે પારડીના હિરેન ગૌસ્વામી સાથે પરીચય થયો હતો બાદમા તે મેસેજ કરતો હતો અને ફોન નંબર મેળવી મોબાઈલમાં બન્ને વાતચીત કરતા હતા. બાદમાં બપોરે ઘર પાસે સોડા લેવા માટે ગઈ હતી ત્યા પાછળ આવેલા હિરેને મને બાઈકમાં બેસાડી અન્ય સ્થળે લઈ જઈ શરીરે બિભત્સ છેડછાડ કરી પરત ઉતારી ગયો હોવાનુ જણાવતા પીઆઈ સરવૈયા સહિતની ટીમે ગુનો નોધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# રાજકોટમાં બ્લેકમેઈલિંગ કેસમાં પકડાયેલા ડૉક્ટર પાસેથી વીડિયો કબજે કરવા તજવીજ

### ખંડણી માંગનારા આઠ પત્રકાર સહિતના ૧૧ હજુ પણ ફરાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના તબીબનો મહિલા સાથે હોય ત્યારે વીડિયો ઉતારી લઈ બોગસ પત્રકારોને આપ્યા બાદ શરૂ થયેલા ખંડણી માંગવાના ખેલમાં સાઈબર ક્રાઈમ પોલીસ મથકમાં આઠ પત્રકાર સહિત ૧૨ લોકો સામે ગુનો દાખલ થતાં પોલીસે આ ગુનાના માસ્ટર માઈન્ડ એવા આયુર્વેદિક તબીબને પકડી પાડયો હતો. તબીબે છૂપા કેમેરા મારફતે હજારોની સંખ્યામાં વીડિયો ઉતારી લીધા હોય તે કબજે કરવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

પોલીસે આયુર્વેદિક તબીબ ડૉ.કમલ નાંઢાની ધરપકડ કર્યા બાદ તેની આગવી ઢબે કરાયેલી પૂછપરછમાં તેની પાસે ડૉક્ટરના સાધુ વાસવાણી રોડ ઉપર આવેલા ક્લિનિકનો એક નહીં બકે અનેક વીડિયો હોવાથી આ વીડિયો કબજે કરવાની દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. બીજી બાજુ ડૉક્ટર પાસે ૨૫ લાખની ખંડણી માંગનારા આઠ કથિત પત્રકાર સહિત ૧૧ લોકો હજુ ફરાર છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ડૉ. કમલ નાંઢા સાધુ વાસવાણી રોડ ઉપર રહે છે અને તેના પિતા નિવૃત્ત જીએસટી અધિકારી હોવાનું પણ સામે આવ્યું છે. ડૉ.કમલે આ સઘળું કારસ્તાન પસંદ પડી ગયેલી મહિલા ડૉક્ટરને પામવા માટે જ કર્યું હોવાનું હાલ લાગી રહ્યું છે. જો કે અન્ય આરોપીઓ પકડાયા બાદ વધુ ખુલાસાઓ થવાનું પણ નિશ્ચિત છે.

# ભગવતીપરામાં જૂના મનદુખનો ખાર રાખી તરુણ પર ખુની હુમલો

### આયુષને અગાઉ ઝઘડો થયો હતો જેનો આલ્ફાજ અને જવિદે છરીના ત્રણ ઘા ઝીકી દેતા લોહી લુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવતીપરા આશાબાપીર દરગાહ નજીક રહેતા યુવકને આ જ વિસ્તારમાં રહેતા અન્ય એક શખ્સ સાથે અગાઉ ઝઘડો અને મન દુઃખ થયેલ હોય જે અંગેનો ખાર રાખી યુવકને રસ્તામાં આંતરી બે શખ્સોએ ઢીકા પાટુનો માર મારી છરીથી પેટ, પડખા, અને સાથળના ભાગે હુમલો કરતા લોહી લુહાણ હાલતમાં યુવકને હોસ્પિટલ ખસેડાયો હતો, બાદ બંને હુમલાખોર સામે હત્યાની કોશિશ ની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ અંગેની મળતી વિગતો મુજબ રાજકોટ શહેરના ભગવતી પરા શેરી નંબર ૧૧ માં રહેતા રાજુભાઈ કેશુભાઈ ભોજેયા ઉંમર વર્ષ ૫૪ વાળા એ બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ રાજુભાઈ નો દીકરો આયુષ અને ભગવતીપરામાં રહેતા જાવીદ ઉર્ફે જાવલા યુસુફભાઈ સાથે અગાઉ ઝઘડો થયો હતો જે ઝઘડા અંગે નો ખાર રાખી આયુષ જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં તેને આંતરી અલ્ફાઝ તેમજ જાવીદે આયુષને રસ્તામાં અટકાવ્યો હતો અને તેને ઢિકાપાટુનો માર મારી જાવેદે પકડી રાખ્યો હતો અને અલ્ફાજે છરીથી પેટના ભાગે તેમજ પડખાના ભાગમાં અને સાથળના ભાગે છરીના ઘા ઝીંકી ખૂની હુમલો કરતા લોહી લુહાણ હાલતમાં સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્ય હતો.

આ અંગે હુમલામાં ગવાયેલા આયુષ ના પિતા રાજુભાઈ એ બી ડિવિઝન પોલીસને જાણ કરતા પીઆઈએસએસ રાણેની સુચનાથી ઈન્વે સ્ટાફ તેમજ ડી સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને હોસ્પિટલ ખાતે ધોવાયેલા આયુષ ના પિતા રાજુભાઈ ની ફરિયાદ પરથી હત્યાની કોશિશ ની કલમ હેઠળ આરોપી અલ્ફાઝ અને જાવી ઉર્ફે જાવલા સામે ગુનો નોંધી બંનેની ધરપકડ કરવા કાર્યવાહી હાથ ધરી હતી.